AXIS BANK

## 1. પરિભાષા

1.1. "ખાતું/ખાતા" એ એક્સિસ બેંક સાથે ગ્રાહકનું/ના ખાતું/ખાતાનો સંદર્ભ આપે છે, જે સમયાંતરે સીઆઇબી સેવાઓ માટે પરસ્પર નિયુક્ત છે અને તેના અર્થમાં એક્સિસ બેંક સાથે ગ્રાહકના તમામ હાલના, નવા અને ભવિષ્યના ખાતાઓનો સમાવેશ થાય છે.

1.2. "ગ્રાહક" અથવા "ક્લાયન્ટ" અથવા "કંપની" નો અર્થ આ નિયમો અને શરતો હેઠળ સીઆઇબી સેવાઓનો લાભ લેનાર વ્યક્તિ/સંસ્થા હશે.

1.3. “સીઆઇબી” અથવા “ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓ” અથવા “કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગ” અથવા “સેવાઓ” નો આ નિયમો અને શરતોમાં જ્યાં પણ ઉપયોગ કરવામાં આવેલ હોય, ત્યાં તેનું અર્થઘટન, આ નિયમો અને શરતો હેઠળ એક્સિસ બેંક દ્વારા તેના ગ્રાહકોને આપવામાં આવતી ફંડ ટ્રાન્સફર / ચુકવણીની સેવાઓ (એનઇએફટી / આરટીજીએસ / આઇએમપીએસ સુવિધા), ચેક / ડિમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડરની સુવિધા, વૈધાનિક અને કરની ચુકવણી, વેપાર અને વિદેશી હૂંડિયામણની સેવાઓ, બિન-નાણાંકીય સેવાઓ (ચેક બુક, ડીડી, પાન અપડેટ વગેરે) અને સમયાંતરે ઉપલબ્ધ કરાવવામાં આવતી, અને તેમાં એક્સિસ બેંક દ્વારા સમયાંતરે કરવામાં આવતા ફેરફારો સહિતની અન્ય કોઈપણ સેવાઓ, એમ કરવામાં આવશે.

1.4. "સૂચનાઓ" એટલે સેવાઓ હેઠળ આવરી લેવામાં આવતી પ્રવૃત્તિઓ કરવા માટે સુરક્ષા પ્રક્રિયાને અનુસરીને, નાણાં મોકલવા અથવા ફંડ ટ્રાન્સફર કરવા માટે ચુકવણીની કોઈપણ સૂચનાઓ સહિત એક્સિસ બેંકને ગ્રાહક દ્વારા મોકલવામાં આવેલ તમામ સંદેશા અથવા સૂચનાઓનો સમાવેશ થાય છે.

1.5. "ઓટીપી" એટલે વન-ટાઇમ પાસવર્ડ/ વન-ટાઇમ પર્સનલ આઇડેન્ટિફિકેશન નંબર.

1.6. "આરબીઆઇ" એટલે ભારતીય રિઝર્વ બેંક.

1.7. "એનપીસીઆઇ" એટલે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા.

1.8. "નિયમનો" અથવા "માર્ગદર્શિકા" એટલે આરબીઆઇ, એનપીસીઆઇ અથવા અન્ય કોઈપણ સરકારી અથવા વૈધાનિક ઑથૉરિટી દ્વારા સમયાંતરે સેવાઓના સંબંધમાં જારી કરાયેલ તમામ નિયમો, નિયમનો અને/અથવા માર્ગદર્શિકા.

1.9. "સુરક્ષા પ્રક્રિયા" એટલે એક્સિસ બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતી એવી પ્રક્રિયા, જે કોઈ સૂચનામાં ફેરફાર કે તેને રદ કરતી સૂચના અથવા સંદેશાનો અમલ કરવાના હેતુથી અથવા સૂચનામાં ફેરફાર કે તેને રદ કરતી સૂચના અથવા સંદેશાવ્યવહાર ગ્રાહક દ્વારા જ મોકલવામાં

આવેલ છે તેની ચકાસણી કરવા માટે અથવા સૂચનાના કન્ટેન્ટના ટ્રાન્સમિશનમાં ભૂલ શોધવા માટેની પ્રક્રિયા.

1.10. "નિયમો અને શરતો" એટલે આ નિયમો અને શરતો, જેમાં અહીં જણાવ્યા મુજબ સુધારા કરી શકાય અને પુરવણીઓ ઉમેરી શકાય છે.

1.11. “યૂઝર” એટલે ગ્રાહકના પ્રતિનિધિઓ કે જેઓ સીઆઇબી દ્વારા ગ્રાહકના ખાતાને ઍક્સેસ કરવાનો અધિકાર ધરાવે છે તથા આ યૂઝરમાં, માત્ર ખાતું જોવાનો અધિકાર ધરાવતા યૂઝર તેમજ ઇનપુટ, અપલોડ અને ચકાસણી, પુષ્ટિકરણ અને/અથવા અધિકૃત કરવાના અધિકારો ધરાવતા યૂઝરનો સમાવેશ થાય છે. જ્યાં અધિકૃતતાના આવા અધિકારો ગ્રાહક દ્વારા સંયુક્ત ધોરણે આપવામાં આવે છે, ત્યાં સંદર્ભ અથવા અર્થઘટનની જરૂરિયાત મુજબ આ શબ્દનો અર્થ અધિકૃતતાના અધિકારો ધરાવતા એવા સંયુક્ત યૂઝર થશે.

1.12. "વેબસાઇટ / સાઇટ" એટલે www.axis.bank.in વેબ-સાઇટ અથવા સમયાંતરે એક્સિસ બેંક દ્વારા સૂચિત કરવામાં આવતી આવી અન્ય વેબ-સાઇટ.

1.13. "જીએસટી" એટલે જીએસટી કાયદા હેઠળ માલ અથવા સેવાઓના પુરવઠા પર અથવા બંને પર લાદવામાં આવેલ કોઈપણ કર અથવા ઉપકર અથવા બંને.

1.14. "જીએસટીઆઇએન" એટલે માલ અને સેવા કર ઓળખ નંબર.

1.15. "જીએસટીએન" એટલે માલ અને સેવા કર નેટવર્ક.

1.16. "જીએસટી કાયદા" એટલે આઇજીએસટી કાયદો 2017, સીજીએસટી કાયદો 2017, યુટીજીએસટી કાયદો 2017 અને દરેક રાજ્યના પોતાના એસજીએસટી કાયદા, 2017 અને સંબંધિત કાયદાઓ હેઠળ જારી કરાયેલા તમામ સંબંધિત નિયમો, નિયમનો, સૂચનાઓ અને પરિપત્રો.

1.17. ગ્રાહક પુષ્ટિ કરે છે કે DD-MM-YYYY ની તારીખનો બોર્ડનો ઠરાવ (અથવા સમકક્ષ) સાચો અને માન્ય છે. અરજી ફોર્મમાં ઉલ્લેખિત ખાતાઓનું સંચાલન કરવા માટે યૂઝરને અધિકૃત કરવા માટે ગ્રાહકને બોર્ડના ઠરાવ (અથવા સમકક્ષ) દ્વારા સશક્ત બનાવવામાં આવે છે.

1.18. અરજી ફોર્મમાં આપવામાં આવેલી વિગતો સાચી છે અને પ્રદાન કરેલ ઇમેઇલ આઇડી અધિકૃત છે તેની ગ્રાહક દ્વારા પુષ્ટિ કરવામાં આવે છે.

1.19. (જો યૂઝરનું ઇમેઇલ આઇડી ખાનગી ડોમેન ન હોય) ગ્રાહક પુષ્ટિ કરે છે કે તેમનું ઇમેઇલ આઇડી ખાનગી ડોમેનનું નથી અને કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગમાં યૂઝર માટેના આપવામાં આવેલ ઇમેઇલ આઇડી જાહેર ડોમેનના છે. ગ્રાહક કોઈપણ છેડછાડ, હેકિંગ, ચોરી, સાઇબર-ગુના સહિત પરંતુ માત્ર તેના સુધી જ મર્યાદિત ના રહેતા, તેના જેવા જોખમો, જે યૂઝર માટે જાહેર ડોમેનના આઇડીના ઉપયોગને કારણે સંભવિત નાણાંકીય નુકસાન પહોંચાડી શકે છે, તેનાથી ઉદ્ભવતા કોઈપણ અને તમામ જોખમો સામે બેંકને હાનિરહિત રાખશે અને નુકસાન ભરપાઈ કરશે.

1.20. ગ્રાહક એ હકીકતથી વાકેફ છે કે કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગની સુવિધા માત્ર ગ્રાહક(કો)ની વિનંતી પર આપવામાં આવે છે, અને બેંક કોઈપણ પ્રકારના હેકિંગ અને/અથવા ફિશિંગ હુમલા અને/અથવા સાઇબર અપરાધ, જે ખાતામાં સુવિધા બાકી હોય તે દરમિયાન થઈ શકે છે અને જેના પરિણામે ગ્રાહક(કો)ના ખાતામાંથી થર્ડ-પાર્ટીના એકાઉન્ટમાં ફંડ ટ્રાન્સફર કરવાને કારણે નુકસાન થઈ શકે છે, તે માટે જવાબદાર રહેશે નહીં. ગ્રાહક એ હકીકતથી પણ વાકેફ છે કે બેંક દ્વારા લેવા યોગ્ય તમામ જરૂરી સાવચેતીઓ લેવામાં આવેલી છે, તેમ છતાં થર્ડ-પાર્ટી દ્વારા આવા હુમલાઓની શક્યતાને નકારી શકાય નહીં, આ બાબતને કોઈપણ રીતે ધ્યાનમાં રાખીને અમારા તરફથી આવા કોઈપણ દાવાઓ સામે બેંક મુક્ત રહેશે.

1.21. ગ્રાહક સ્વીકારે છે કે ઉલ્લેખિત યૂઝર માટે પ્રદાન કરવામાં આવેલ ઇમેઇલ આઇડી અને મોબાઇલ નંબર માન્ય છે અને તેનો ઉપયોગ બેંક તરફથી કોઈપણ / તમામ સંદેશાવ્યવહાર માટે કરવામાં આવશે. આ સંદેશાવ્યવહાર બેંક દ્વારા સમયાંતરે ટ્રાન્ઝેક્શન/ માહિતી/ ઍક્સેસ / જાગૃતિ ફેલાવવા અંગે હોઈ શકે છે.

## 2. શરતોની લાગુ પડવાની ક્ષમતા

2.1 સીઆઇબી સેવાઓનો ઉપયોગ આ નિયમો અને શરતો દ્વારા સંચાલિત થાય છે. આ નિયમો અને શરતો એક્સિસ બેંક દ્વારા સૂચવેલ ગ્રાહકને લાગુ અન્ય કોઈપણ નિયમો અને શરતો ઉપરાંતના છે, અને તેનો અનાદર કરતા નથી.

2.2 એક્સિસ બેંક ફરિયાદ નિવારણ નીતિના નિયમો અને શરતો

2.3 એક્સિસ બેંક બેંકની પ્રતિબદ્ધતા કોડ નિયમો અને શરતો

2.4 પ્રૉડક્ટની વિગતો અને ગ્રાહક સહાયતાના કિસ્સામાં અમારો સંપર્ક કરો

2.5 ગ્રાહક વળતર નીતિ

## 3. સેવાઓ

3.1 આ નિયમો અને શરતો, લાગુ કાયદાઓ અને એક્સિસ બેંકની વેબસાઇટ પર ઉલ્લેખિત અન્ય નિયમો અને શરતોને આધિન, એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને સેવાઓ પ્રદાન કરવામાં આવશે. એક્સિસ બેંક સેવાઓમાં અથવા સેવાઓની પદ્ધતિ, રીત અને વ્યાપમાં સમયાંતરે ફેરફાર, અપગ્રેડ અને / અથવા સ્થગિત કરવાનો અધિકાર ધરાવે છે, અને સેવાઓમાં આવા ફેરફાર વિશે ગ્રાહકને જાણ કરવાનો પ્રયત્ન કરશે. એક્સિસ બેંક કોઈપણ પૂર્વ સૂચના પ્રદાન કર્યા વિના અને કોઈ કારણ જણાવ્યા વિના ગ્રાહકને પ્રદાન કરેલી તમામ અથવા કોઈપણ સેવાઓને સ્થગિત કરવાનો અધિકાર અનામત રાખે છે.

3.2 સેવાઓનો અથવા તેનો કોઈપણ ભાગ મેળવવા માટે અથવા તેનો લાભ લેવાનું બંધ કરવા માટે, ગ્રાહકે નિર્ધારિત ફોર્મેટમાં એક્સિસ બેંકને અલગ અરજી કરવાની રહેશે અને આ હેતુ માટે એક્સિસ બેંક દ્વારા નિર્ધારિત અતિરિક્ત નિયમો અને શરતો દ્વારા તેમજ લાગુ કાયદા ગ્રાહકને લાગુ પડશે.

3.3 એક્સિસ બેંક, ગ્રાહકની વિનંતી પર, કોઈપણ અન્ય હાલના/નવા ખાતા માટે સેવાઓ પૂરી પાડી શકે છે, અને ગ્રાહક દ્વારા આવા વધુ સેવાઓના ઉપયોગ પર આ નિયમો અને શરતો ઑટોમેટિક રીતે લાગુ થશે.

3.4 ગ્રાહક આથી માન્ય અને સ્વીકાર કરે છે કે, સેવાઓમાં આવરી લેવામાં આવેલા અને બેંક દ્વારા સેવાઓની જોગવાઈ દરમિયાન બનતા/ઉદ્ભવતા બૌદ્ધિક સંપદા અધિકારો, માત્ર બેંકની માલિકીના અને નિહિત રહેશે તેમજ આ નિયમો અને શરતો ગ્રાહકને બૌદ્ધિક સંપદા અધિકારોની માલિકી અથવા ઉપયોગ માટે કોઈપણ રીતે કોઈ અધિકાર પ્રદાન કરતા નથી

3.5 જો ગ્રાહક/ યૂઝર કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગમાં રજિસ્ટર્ડ યૂઝર આઇડીનો ઉપયોગ કરીને ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓને ઍક્સેસ કરવા માટે નિયુક્ત પ્લેટફોર્મ દ્વારા, છેલ્લે જે તારીખે આ યૂઝર / ગ્રાહક દ્વારા લૉગ-ઇન કરવામાં આવ્યું હતું તે તારીખથી જો સતત 365 (ત્રણસો પાંસઠ) [કેલેન્ડર દિવસ] સુધી લૉગ-ઇન કરવામાં આવેલ ન હોય, તો એક્સિસ બેંક દ્વારા કોઈપણ ગ્રાહક/ યૂઝર/ યૂઝર આઇડીને “ડોર્મન્ટ યૂઝર” તરીકે વર્ગીકૃત/ ચિહ્નિત/ શ્રેણીકૃત કરવામાં આવી શકે છે. આ પ્રકારે કોઈપણ ગ્રાહક/ યૂઝર/ યૂઝર આઇડી ને “ડોર્મન્ટ યૂઝર” તરીકે વર્ગીકૃત/ ચિહ્નિત/ શ્રેણીકૃત કરવામાં આવે, તો આવા ગ્રાહક/ યૂઝર, કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગમાં તેમના ડોર્મન્ટ યૂઝર આઇડીને કરીથી સક્રિય કર્યા વિના તેમના રજિસ્ટર્ડ યૂઝર આઇડી વડે કોઈપણ કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરી શકશે નહીં. ડોર્મન્ટ યૂઝર આઇડીને ફરીથી સક્રિય કરવા માટે, તે ગ્રાહક (સહી કરવા માટે અધિકૃત વ્યક્તિ દ્વારા) / યૂઝર એક્સિસ બેંકને ડોર્મન્ટ યૂઝર આઇડીને ફરીથી સક્રિય કરવા માટેની લેખિત સૂચના પ્રદાન કરી શકે છે તથા, ફરીથી સક્રિય કરવા માટેની અરજી પ્રાપ્ત થાય બાદ

એક્સિસ બેંક, પોતાના સંપૂર્ણ વિવેકાધિકારથી આવી વિનંતીને મંજૂર કરી શકે છે તેમજ યૂઝર આઇડીને ફરીથી સક્રિય કરીને ગ્રાહક/ યૂઝરને ફરીથી ઍક્સેસ આપી શકે છે.

3.6 ગ્રાહક આથી બેંકને સિંગલ ચુકવણી માટે પૂરા પાડવામાં આવેલ અધિકૃતતા મેટ્રિક્સના આધારે વર્તમાન ગ્રાહકોને બલ્ક ચુકવણી અને ટીએફ કનેક્ટની સેવાઓ ડિફોલ્ટ રીતે પૂરી પાડવા માટે અધિકૃત કરે છે. ગ્રાહક દ્વારા સેવાઓના આવા વધુ ઉપયોગ પર લાગુ પડતા નિયમો અને શરતો લાગુ પડશે.

3.7 એક્સિસ બેંક લિમિટેડ (એક્સિસબી) એ એક્સિસબી પેમેન્ટ ટ્રાન્સફર સુવિધા (એનઇએફટી, આરટીજીએસ અને આઇએમપીએસ) ની ઉચ્ચ ગુણવત્તા વિશે કોઈ ગેરંટી કે વોરંટી આપતી નથી કે કોઈ રજૂઆત કરતી નથી. જો પરિમાણોની પૂર્તિ થશે તો તે સફળતાપૂર્વક કાર્ય કરશે એ અનુમાનથી આ સુવિધા એક્સિસબી દ્વારા ફંડ ટ્રાન્સફર માટે સદ્ભાવપૂર્વક પૂરી પાડવામાં આવે છે. ગ્રાહક સંમત થાય છે અને સ્વીકારે છે કે કોઈપણ પ્રકારના નુકસાન માટે, પછી તે પ્રત્યક્ષ, પરોક્ષ, આકસ્મિક અથવા પરિણામી હોય, અને કોઈપણ દાવો, જે ગ્રાહક દ્વારા કરવામાં આવેલા અને એક્સિસબી દ્વારા પ્રક્રિયા કરાયેલ કોઈપણ ટ્રાન્ઝૅક્શનની નિષ્ફળતાને કારણે, ગ્રાહકના ખાતાઓ વિશે એક્સિસબી દ્વારા પૂરી પાડવામાં આવેલી અથવા જાહેર કરવામાં આવેલી માહિતીને કારણે આવકના નુકસાન, વ્યવસાયમાં વિક્ષેપ, અથવા કોઈપણ પ્રકાર કે પ્રકૃતિના કોઈપણ નુકસાન પર આધારિત હોય, અને તે ગ્રાહક દ્વારા અથવા કોઈ અન્ય વ્યક્તિ દ્વારા સહન કરવામાં આવ્યા હોય, તે માટે એક્સિસબી જવાબદાર રહેશે નહીં અને કોઈપણ રીતે ઉત્તરદાયી ઠેરવવામાં આવશે નહીં.
જોકે, એક્સિસબી ગ્રાહક દ્વારા પ્રસ્તાવિત ટ્રાન્ઝૅક્શનને તાત્કાલિક અમલમાં મૂકવા અને પ્રક્રિયા કરવાનો પ્રયાસ કરશે પરંતુ કાર્યકારી પ્રણાલી નિષ્ફળ રહેવાને કારણે અથવા કાયદા અનુસાર આવશ્યક હોય તેવા સહિતના કોઈપણ કારણોસર, પ્રતિભાવ ન મળવા બદલ અથવા પ્રતિભાવમાં વિલંબ માટે જવાબદાર રહેશે નહીં.

ઉપરોક્ત હોવા છતાં, એક્સિસબી ટ્રાન્સફર સુવિધા (એનઇએફટી, આરટીજીએસ અને આઇએમપીએસ) નો ગેરકાયદેસર અથવા અયોગ્ય ઉપયોગ કરવામાં આવે, તો ગ્રાહકે નાણાંકીય શુલ્ક અથવા દંડ, કે જે એક્સિસબી દ્વારા તેના સંપૂર્ણ વિવેકાધિકાર દ્વારા નક્કી કરવામાં આવી શકે છે, તેની ચુકવણી કરવાની રહેશે અથવા તેના પરિણામે ગ્રાહકની એક્સિસબી ચુકવણી ટ્રાન્સફર સુવિધા (એનઇએફટી, આરટીજીએસ અને આઇએમપીએસ) સ્થગિત કરવામાં આવી શકે છે. ગ્રાહક આથી એ પણ સંમત થાય છે કે એક્સિસબી અને તેની પેટાકંપનીઓ અને સહયોગીઓને કોઈપણ ખટલો, તેની સામે શરૂ કરવામાં આવેલી કાર્યવાહી અથવા તેના પરિણામે થયેલા કોઈપણ નુકસાન, ખર્ચ અથવા ક્ષતિ સામે હાનિરહિત રાખવામાં આવશે અને ક્ષતિપૂર્તિ કરવામાં આવશે.

એક્સિસબી અથવા તેની પેટાકંપનીઓ અથવા સહયોગીઓ ફિશિંગ અને/અથવા હેકિંગ સહિત કોઈપણ માધ્યમો દ્વારા એક્સિસબી ચુકવણી ટ્રાન્સફર સુવિધા (એનઇએફટી, આરટીજીએસ અને આઇએમપીએસ) ના ઉપયોગ દ્વારા રેકોર્ડ અને/અથવા ખાતાઓ/માહિતીને ઍક્સેસ કરનાર કોઈપણ અનધિકૃત વ્યક્તિઓ માટે જવાબદાર રહેશે અને ગ્રાહક અહીં એક્સિસબી અને તેની પેટાકંપનીઓ અને સહયોગીઓને તેની સામે શરૂ કરવામાં આવેલા કોઈપણ પગલાં, ખટલા, કાર્યવાહી અથવા તેના પરિણામે થયેલા કોઈપણ નુકસાન, ખર્ચ અથવા ક્ષતિ બદલ સંપૂર્ણપણે હાનિરહિત રાખે છે અને ક્ષતિપૂર્તિ કરે છે. જો એક્સિસબી ચુકવણી ટ્રાન્સફર સુવિધા (એનઇએફટી, આરટીજીએસ અને આઇએમપીએસ) કોઈપણ કુદરતી આપત્તિની સ્થિતિમાં કે અન્ય કારણોસર ઈચ્છિત રીતે ઉપલબ્ધ ન હોય, તો એક્સિસબીની કોઈપણ સંજોગોમાં ગ્રાહક પ્રત્યે જવાબદારી રહેશે નહીં.
એક્સિસબી ચુકવણી ટ્રાન્સફર સુવિધા (એનઇએફટી, આરટીજીએસ અને આઇએમપીએસ) ના ઉપયોગથી ઉદ્ભવતા ટ્રાન્ઝેક્શન દ્વારા બનેલા એક્સિસબીના, ટ્રાન્ઝેક્શન રેકોર્ડ કરવામાં આવ્યો તે સમય સહિતના તમામ રેકોર્ડ (ઇલેક્ટ્રોનિક સહિત) ટ્રાન્ઝેક્શન થયું હોવાનો અને ચોકસાઈનો નિર્ણાયક પુરાવો માનવામાં આવશે. બંને પક્ષોની સુરક્ષા માટે, અને ગેરસમજ સુધારવાના સાધન તરીકે, એક્સિસબી પોતાના વિવેકાધિકાર વડે, અને ગ્રાહકને વધુ આગોતરી સૂચના આપ્યા વિના, ગ્રાહક તથા એક્સિસબી અને તેના કોઈપણ કર્મચારીઓ કે એજન્ટો વચ્ચે થતા કોઈપણ અથવા તમામ ટેલિફોન વાર્તાલાપ (જો કોઈ થાય તો) અથવા ગ્રાહક દ્વારા એક્સિસબીને આપવામાં આવેલી સૂચના પર દેખરેખ રાખવા અને રેકોર્ડ કરવા અંગે ગ્રાહક સમજે છે, સંમત થાય છે અને એક્સિસબીને તે માટે અધિકૃત કરે છે.
એક્સિસબી સ્પષ્ટપણે કોઈપણ પ્રકારની તમામ વોરંટીઓનો અસ્વીકાર કરે છે, પછી ભલે તે સ્પષ્ટ કે ગર્ભિત હોય અથવા વૈધાનિક હોય, જેમાં મર્ચન્ટેબિલિટી, ચોક્કસ હેતુ માટે યોગ્યતા, ડેટાની ચોકસાઈ અને સંપૂર્ણતાની ગર્ભિત વોરંટી તેમજ અને એક્સિસબી ચુકવણી ટ્રાન્સફર સુવિધા (એનઇએફટી, આરટીજીએસ અને આઇએમપીએસ) નું ઉલ્લંઘન ન થવા સંબંધિત કોઈપણ વોરંટીનો સમાવેશ થાય છે, પરંતુ તેના સુધી મર્યાદિત નથી.

## 4. નિયમો અને શરતોમાં સુધારો

4.1. આ નિયમો અને શરતોમાં અન્યત્ર કોઈપણ માહિતી હોવાની સ્થિતિમાં પણ, જ્યાં એક્સિસ બેંક દ્વારા સેવાઓમાં અપગ્રેડ અથવા ફેરફાર કરવાનો અથવા ગ્રાહકોને નવી સેવાઓ પૂરી પાડવાનો નિર્ણય લેવામાં આવે છે, ત્યાં આવા અપગ્રેડ, ફેરફારો અને નવી સેવાઓ એક્સિસ બેંક દ્વારા નિર્ધારિત નિયમો અને શરતોને આધીન રહેશે, અને જો આવા સુધારાની જરૂર હોય તો એક્સિસ

બેંક દ્વારા કોઈપણ સમયે આ નિયમો અને શરતોમાં સુધારો કે ઉમેરો કરવામાં આવી શકે છે, જે ગ્રાહક માટે બંધનકર્તા રહેશે. એક્સિસ બેંક આવા ફેરફારો વિશે ગ્રાહકને જાણ કરવાનો પ્રયત્ન કરશે. આ નિયમો અને શરતોમાં કોઈપણ ફેરફાર ગ્રાહકો માટે વેબસાઇટ/સાઇટ પર અપડેટ/અપલોડ કરવામાં આવશે, તથા ગ્રાહકોને તે અંગે સૂચિત કર્યા હોવાનું માનવામાં આવશે.

**5. સુરક્ષા પ્રક્રિયા**

5.1. એક્સિસ બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતી (i) યૂઝર આઇડી અને પાસવર્ડ (ii) કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરવા માટે વન ટચ ડિવાઇસનો ઉપયોગ સહિતની સુરક્ષા પ્રક્રિયાનું પાલન કરીને, ગ્રાહક દ્વારા પોતાના જોખમે અને પરિણામોને ધ્યાનમાં રાખીને સેવાઓનો ઉપયોગ કરવામાં આવશે. વધુમાં, એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને, એક્સિસ બેંકને જરૂર હોય તેવી અન્ય સુરક્ષા પ્રક્રિયા અને પ્રમાણીકરણના માધ્યમોને અપનાવવાની સલાહ આપવામાં આવી શકે છે, અને ગ્રાહક આવી સુરક્ષા પ્રક્રિયાનું પાલન કરવા માટે સંમત થાય છે.

5.2. ગ્રાહક અને ગ્રાહક દ્વારા અધિકૃત યૂઝર પાસવર્ડ સહિતના તમામ યૂઝર આઇડી અને પાસવર્ડ, ઓટીપીને ગુપ્ત અને યોગ્ય રીતે સુરક્ષિત રાખશે, તથા તેમના દ્વારા એક્સિસ બેંકના કોઈપણ કર્મચારીઓ અને પ્રતિનિધિઓ, વિક્રેતાઓ, ભાગીદારો સહિતના કોઈપણ અનધિકૃત વ્યક્તિને તે જાહેર ન થવા જોઈએ. જો ગ્રાહક અથવા યૂઝર દ્વારા કોઈપણ થર્ડ-પાર્ટીને પાસવર્ડ જણાવવામાં આવતા તેના પરિણામે ગ્રાહકને કોઈ નુકસાન થાય, તો એક્સિસ બેંકને કોઈપણ રીતે જવાબદાર ગણવામાં આવશે નહીં.

5.3. ગ્રાહકને બેંક દ્વારા પ્રદાન કરેલ ફરજિયાત 2 ફેક્ટર પ્રમાણીકરણ (2FA) દ્વારા કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગ ચેનલનો ઍક્સેસ આપવામાં આવશે. એક્સિસ બેંક સમયાંતરે તેની પ્રૉડક્ટ ઑફરના ભાગ રૂપે એસએમએસ, કૉલ, મોબાઇલ પર ઓટીપી, વન ટચ ડિવાઇસ અથવા આવી કોઈપણ રીત દ્વારા 2FA પ્રદાન કરી શકે છે.

- ગ્રાહક એક્સિસ મોબાઇલ-કોર્પોરેટ એપ પર ઓટીપી જનરેટ કરીને વેબ બ્રાઉઝર પર લૉગ-ઇન અથવા ટ્રાન્ઝેક્શન મંજૂર કરી શકે છે. જો યૂઝરે એક્સિસ મોબાઇલ-કોર્પોરેટ એપ્લિકેશન પર રજિસ્ટર કરીને એમપિન બનાવેલો હોય, તો મોબાઇલ એપ પર ઓટીપી ભારતમાં અથવા આંતરરાષ્ટ્રીય સ્તરે જનરેટ કરી શકાય છે.
- ગ્રાહકના મોબાઇલ ફોન નેટવર્કમાં કોઈપણ સમસ્યા અથવા ગ્રાહકના મોબાઇલ ફોન અથવા સિમ કાર્ડમાં કોઈ અન્ય સમસ્યા, જેના પર બેંકનું કોઈ નિયંત્રણ નથી, તેના કારણે ટ્રાન્ઝેક્શન નિષ્ફળ રહે તો તેના માટે બેંક જવાબદાર રહેશે નહીં.

- જો ગ્રાહકનો મોબાઇલ ફોન અને/અથવા સિમ કાર્ડ ખોવાઈ જાય છે કે ચોરાઈ જાય છે, તો ગ્રાહકે તરત જ તેમના સેવા પ્રદાતાનો સંપર્ક કરીને તેમના મોબાઇલ ફોન અને/અથવા સિમ કાર્ડને ડી-રજિસ્ટર અથવા બ્લૉક કરાવવો જરૂરી છે. ગ્રાહકે બેંકને તરત જ આ ચોરી અથવા ખોવાઈ જવાની જાણ કરવાની રહેશે, જેના પછી બેંક દ્વારા તરત જ કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગમાં યૂઝરના ઍક્સેસને નિષ્ક્રિય કરવામાં આવશે. કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગમાં ઍક્સેસ સક્રિય કરવા માટે યૂઝરે લેખિત અથવા માન્ય પ્રક્રિયા દ્વારા બેંકને જાણ કરવાની રહેશે. ખોવાઈ કે ચોરાઈ ગયેલા મોબાઇલ ફોન અથવા સિમ કાર્ડના કારણે, તેના કોઈપણ અનધિકૃત ઉપયોગ બદલ બેંક જવાબદાર રહેશે નહીં. ગ્રાહકે મોબાઇલ ફોન અને તેમાં રહેલો ડેટા, પાસવર્ડ અને તેના ઉપયોગને ગોપનીય રાખવો આવશ્યક છે તથા તેમના દ્વારા કોઈપણ સંજોગોમાં અન્ય કોઈની સાથે તેને શેર કરવામાં ન આવે તેનું ધ્યાન રાખવામાં આવશે. ગ્રાહક દ્વારા મોબાઇલ ફોનમાં ડેટાની કૉપી અથવા નકલ રાખવામાં આવશે નહીં અથવા બેંક દ્વારા મંજૂર કરેલ અથવા જરૂરી હોય તેનો ઉપયોગ કરવાના હેતુ સિવાય આવા ડેટાને સંગ્રહિત કરવામાં આવશે નહીં.

- દરેક યૂઝર દ્વારા તેના 2FA ને સુરક્ષિત રાખવામાં આવે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી ગ્રાહકની રહેશે.

5.4. ઇન્ટરનેટ બેંકિંગ ચેનલમાં ટ્રાન્ઝેક્શન અને વિનંતીઓને ઍક્સેસ કરતી વખતે અથવા મંજૂરી આપતી વખતે ગ્રાહકોએ 2FA નો ફરજિયાતપણે ઉપયોગ કરવાનો રહેશે.

5.5. યૂઝર પોતાના મોબાઇલ ડિવાઇસ અથવા વન-ટચ ડિવાઇસ (જે હાર્ડ ટોકન તરીકે પણ ઓળખાય છે) ની સુરક્ષિત રીતે સાચવણી કરવા જવાબદાર રહેશે અને 2FA નો ઉપયોગ કરીને તેમના સંગઠનના સભ્યો દ્વારા આપવામાં આવેલી કોઈપણ અને તમામ સૂચનાઓ અને/અથવા કરવામાં આવતા તમામ ટ્રાન્ઝેક્શન દ્વારા બંધાયેલા રહેશે. સુરક્ષા પ્રક્રિયાનો ઉપયોગ કરીને આપવામાં આવેલી તમામ સૂચનાઓને એક્સિસ બેંક સાચી માનવાનો હક ધરાવે છે.

5.6. મોબાઇલ ડિવાઇસનું ખોવાઈ જવું, ચોરી થઈ જવી, ગેરવલ્લે થઈ જવું અથવા તેને ક્ષતિ પહોંચવી અને તેને કારણે 2 FA સાથે છેડછાડ થાય, તો યૂઝરના ઇન્ટરનેટ બેંકિંગ ઍક્સેસના દુરૂપયોગને રોકવા કરવા માટે જરૂરી પગલાં લેવા માટે તેની જાણ બેંકને તુરંત કરવાની રહેશે.

5.7. એક્સિસ બેંક સમયાંતરે ઇન્ડસ્ટ્રીમાં ઉપલબ્ધ યોગ્ય સુરક્ષા પગલાં અપનાવવાનો પ્રયત્ન કરશે. જો કે, ગ્રાહક સ્વીકારે છે કે ઇન્ટરનેટ સહિત ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજી તેમજ જાહેર / સહિયારી

સુવિધાઓના ઉપયોગોને કારણે ઘણા જોખમોની શક્યતા રહેલી છે, જેમ કે દુરુપયોગ, હૅકિંગ, વાઇરસ, દુર્ભાવનાપૂર્ણ, વિનાશકારી અથવા દૂષિત કોડ, પ્રોગ્રામ અથવા મેક્રો જે સેવાઓને પ્રભાવિત કરી શકે છે. આવા જોખમોના કારણે સૂચનાઓ આપવામાં, જાણ કરવામાં અને/અથવા પહોંચ બનાવવાની પ્રક્રિયામાં થતા કોઈપણ નુકસાન, વિલંબ અથવા નિષ્ફળતા માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.

5.8. ગ્રાહકે એક્સિસ બેંકની સુરક્ષા નીતિ મુજબ દર 90 દિવસે કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગ પ્લેટફોર્મ પર તેનો પાસવર્ડ બદલવાનો રહેશે. આ માટે, 85th દિવસથી 90th દિવસ સુધી લૉગ-ઇન કરતા સમયે યૂઝરને તેમનો લૉગ-ઇન પાસવર્ડ બદલવા માટે (પૂર્વ-સૂચના) કહેવામાં આવશે.

- લૉગ-ઇન ચાલુ રાખવા માટે, યૂઝરે 91st દિવસ અને 180th દિવસ વચ્ચે ફરજિયાતપણે પાસવર્ડ રીસેટ કરવો આવશ્યક છે.

- જો યૂઝર દ્વારા 180 દિવસની અંદર પાસવર્ડ બદલવામાં આવતો નથી, તો લૉગ-ઇનનો ઍક્સેસ અસ્થાયી રૂપે નિષ્ક્રિય કરવામાં આવશે. કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓને ફરીથી સક્રિય કરવા માટે ગ્રાહકે આરએમ/શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

## 6. સૂચનાઓ

6.1. ગ્રાહક પાસેથી એક્સિસ બેંકને પ્રાપ્ત થતી તમામ સૂચનાઓ પર માત્ર કાર્યકારી દિવસોએ બેંકિંગના કલાકો દરમિયાન કાર્ય કરવામાં આવશે. માત્ર આ નિયમો અને શરતોમાં જણાવવામાં આવેલ રીતે, અહીં સૂચવેલ સુરક્ષા પ્રક્રિયાનો ઉપયોગ કરીને એક્સિસ બેંકને મોકલવામાં આવતી સૂચના જ એક્સિસ બેંક દ્વારા સ્વીકારવામાં આવશે. એક્સિસ બેંક, તેના સંપૂર્ણ વિવેકાધિકારથી પરંતુ કોઈપણ જવાબદારી વિના, સૂચનાની પ્રમાણભૂતતા વિશે વધુ તપાસ કરી શકે છે.

6.2. એક્સિસ બેંકને પ્રદાન કરેલી સૂચનાઓની ચોકસાઈ અને પ્રમાણભૂતતાની સંપૂર્ણ જવાબદારી ગ્રાહકની છે અને તેના દ્વારા અધિકૃત કરવામાં આવેલ કોઈપણ યૂઝર દ્વારા આપવામાં આવેલ કોઈપણ અને તમામ સૂચનાઓ અને/અથવા ટ્રાન્ઝૅક્શન દ્વારા બંધાયેલા રહેશે. ગ્રાહક દ્વારા આપવામાં આવેલી તમામ સૂચનાઓનો એક્સિસ બેંક વિશ્વાસ કરી શકે છે તથા આવી સૂચનાઓ પર કાર્ય કરવામાં આવી શકે છે. ગ્રાહક સ્વીકારે છે અને સંમત થાય છે કે ભૂલ ભરેલી કોઈપણ માહિતી અને/અથવા સૂચનાને કારણે ખોટી ટ્રાન્સફર થઈ શકે છે. આવી તમામ સૂચનાઓ અંતિમ રહેશે અને ગ્રાહક પર બંધનકર્તા રહેશે. એક્સિસ બેંકને આપેલ વાસ્તવિક સૂચનાઓ અંગે કોઈપણ વિવાદની સ્થિતિમાં, એક્સિસ બેંકના રેકોર્ડ અંતિમ અને ગ્રાહક પર બંધનકર્તા રહેશે.

6.3. કોઈ સૂચનાને જ્યાં સુધી ગ્રાહક દ્વારા વધુ સૂચનાઓ આપીને રદ કરવામાં ન આવે અથવા એક્સિસ બેંક દ્વારા અમલમાં મૂકવામાં ન આવે, ત્યાં સુધી તે સૂચના અમલમાં રહેશે. જો ગ્રાહકને કોઈપણ સંદેશાવ્યવહારમાં એક્સિસ બેંકને પ્રદાન કરેલી માહિતીમાં ભૂલ જણાય છે, તો તે તરત જ એક્સિસ બેંકને સૂચિત કરશે, અને એક્સિસ બેંક "વાજબી પ્રયત્નો" આધારે શક્ય હોય ત્યાં ભૂલને સુધારવાનો પ્રયત્ન કરશે. કોઈ અન્ય વ્યક્તિ દ્વારા ભૂલથી ગ્રાહકના ખાતામાં ખોટી રીતે કોઈ રકમ જમા કરવામાં આવે છે, તો ગ્રાહક કોઈપણ સમયે ખોટી રીતે જમા થયેલી રકમને પરત કરવા માટે એક્સિસ બેંકને અધિકૃત કરે છે. તેના પરિણામે પ્રાપ્ત થયેલ કોઈપણ અનુચિત અથવા અયોગ્ય લાભ માટે ગ્રાહક જવાબદાર રહેશે અને એક્સિસ બેંક પ્રત્યે જવાબદાર રહેશે.

6.4. જો એક્સિસ બેંકના અભિપ્રાય મુજબ (i) તેને પ્રાપ્ત થયેલ સૂચના ગ્રાહક દ્વારા યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલ નથી; અથવા (ii) કોઈપણ કાયદા અથવા નીતિથી વિપરીત, અસંગત, અસ્પષ્ટ, અપૂર્ણ, ખામીયુક્ત છે, અથવા (iii) એક્સિસ બેંક કોઈ કારણસર એમ માને છે કે ગેરકાયદેસર ટ્રાન્ઝેક્શન કરવા માટે સૂચના આપવામાં આવેલ છે; અથવા (iv) સૂચના કોઈ વિશેષ પરિસ્થિતિઓની નોંધ સાથે જોડાયેલ છે, (v) ખાતામાં પૂરતું ફંડ નથી અથવા ક્લિયર ફંડ ઉપલબ્ધ નથી; આવી કોઈપણ સૂચના પર કાર્ય કરતા પહેલાં એક્સિસ બેંક દ્વારા ગ્રાહક પાસે સ્પષ્ટીકરણ માંગવામાં આવી શકે છે (આવું કરવા માટે બંધાયેલ નથી) અથવા તેને યોગ્ય લાગે તે રીતે આવી કોઈપણ સૂચના પર અમલ કરી શકે છે અથવા અમલ કરવાનો ઇનકાર કરી શકે છે. ઉપરોક્ત સંજોગોમાં કોઈપણ સૂચનાઓનું પાલન કરવાથી અથવા તેનો અમલ કરવામાં ઇનકાર કરવાથી અથવા કોઈપણ સૂચનાઓને અમલમાં મૂકવામાં વિલંબ થવાથી ગ્રાહક અથવા કોઈપણ થર્ડ-પાર્ટીને થતા કોઈપણ નુકસાન માટે એક્સિસ બેંક જવાબદાર કે બંધાયેલ રહેશે નહીં.

6.5. એક્સિસ બેંક પોતાના વાજબી નિયંત્રણની બહારના કોઈપણ સંજોગો, અથવા કાયદાની કોઈપણ જરૂરિયાત, અથવા કોઈપણ થર્ડ-પાર્ટી, વિક્રેતા અને/અથવા ભાગીદારની કોઈપણ કમી સહિતના કોઈપણ કારણોસર સૂચનાઓના અમલીકરણમાં વિલંબ માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.

6.6. જો કોઈ સૂચનાને અમલમાં મૂકવા માટે દસ્તાવેજો જરૂરી હોય, તો એક્સિસ બેંકને આવા દસ્તાવેજો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આવી સૂચના પર કાર્ય કરવું તેને માટે જરૂરી નથી.

6.7. પૂરતું ફંડ ન હોવાને કારણે અને/અથવા કોઈપણ સરકારી સંસ્થા અથવા વૈધાનિક ઑથૉરિટી દ્વારા આપવામાં આવેલ કોઈપણ ઓર્ડર, માર્ગદર્શિકા અથવા નિર્દેશને કારણે સૂચનાઓનું પાલન નહીં થવાને કારણે ઉદ્ભવતા કોઈપણ પરિણામો માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.

6.8. ગ્રાહક દ્વારા પ્રદાન કરેલી સૂચનાઓ મુજબ કોર્પોરેટ ઇન્ટરનેટ બેંકિંગ ચૅનલમાં ટ્રાન્ઝૅક્શન પ્રોસેસિંગ નિયમો અને મર્યાદા બનાવવામાં આવશે. ઇન્ટરનેટ બેંકિંગ પર ટ્રાન્ઝૅક્શન કરવાની અને તેને મંજૂર કરવાની જવાબદારી ગ્રાહકની રહેશે, તથા સુવિધાના દુરુપયોગ/અનધિકૃત ઉપયોગ અથવા યૂઝર દ્વારા ઍક્સેસ ક્રેડેન્શિયલમાં છેડછાડને કારણે ઉદ્ભવતા કોઈપણ અણધાર્યા પરિણામો માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.

6.9. ગ્રાહક દ્વારા આપવામાં આવેલ કોઈપણ વિદેશી ચલણના ટ્રાન્ઝૅક્શન સંબંધિત કોઈપણ સૂચનાના કિસ્સામાં, એક્સિસ બેંક દ્વારા ક્વોટ કરેલ વિનિમય દરો, જો કોઈ હોય તો (તેની વેબસાઇટ દ્વારા અથવા અન્યથા), માત્ર અસ્થાયી દરે લાગુ પડશે, જે ભવિષ્યમાં વિનિમય દરમાં થતા ફેરફારોને આધિન રહેશે. જે દર પર ટ્રાન્ઝૅક્શન કરવામાં આવે છે તે દર તમામ હેતુઓ અને ઉદ્દેશ્યો માટે લાગુ રહેશે. ગ્રાહક દ્વારા આપવામાં આવેલી કોઈપણ સૂચનાઓ લાગુ કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી હોવી જોઈએ નહીં, જેમાં મર્યાદા વિના, નિયમનો, વિદેશી હૂંડિયામણ પ્રબંધન અધિનિયમ, 1999 હેઠળ રચાયેલ વિવિધ નિયમનો અને ભારતીય રિઝર્વ બેંક, અથવા અન્ય કોઈપણ સરકારી સંસ્થા અથવા વૈધાનિક સત્તા દ્વારા નિર્ધારિત અન્ય નિયમો અને નિયમનોનો સમાવેશ થાય છે.

## 7. ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓ માટે એક્સિસ બેંકને ઑથૉરિટી

**7.1.** ગ્રાહક, સેવાઓ માટે રજિસ્ટર થયેલા તેના તમામ ખાતાઓને ઍક્સેસ કરવા માટે, સૂચના વડે ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓના માધ્યમથી ગ્રાહક દ્વારા કરવામાં આવતા બેંકિંગ અથવા અન્ય ટ્રાન્ઝૅક્શનને પ્રભાવિત કરવા માટે એક્સિસ બેંકને કાયમી ધોરણે અને બિનશરતી રીતે અધિકૃત કરે છે.

## 8. ટ્રાન્ઝૅક્શનની મર્યાદા

8.1. એક્સિસ બેંક દ્વારા પોતાની વિવિધ સેવાઓ માટે સમયાંતરે મહત્તમ અને ન્યૂનતમ ટ્રાન્ઝૅક્શન મર્યાદા નિર્દિષ્ટ કરવામાં આવી શકે છે. ગ્રાહક એક્સિસ બેંક દ્વારા લાદવામાં આવેલી આવી

મર્યાદાનું પાલન કરવા માટે બાધ્ય રહેશે.

## 9. માહિતીમાં ફેરફારો

9.1. ગ્રાહક દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી અથવા દસ્તાવેજોમાં થયેલા કોઈપણ ફેરફાર અંગે ગ્રાહકે ફેરફારની તારીખથી 30 દિવસની અંદર, એક્સિસ બેંક દ્વારા નિર્ધારિત રીતે, ગ્રાહકના ઠરાવ સાથે એક્સિસ બેંકને જાણ કરવાની રહેશે. ગ્રાહક સમયાંતરે એક્સિસ બેંકને ગ્રાહકના ઠરાવ સાથે, આ અંગેનો પત્ર આપીને તેના યૂઝરની યાદીમાં ફેરફાર, ઉમેરો કરી શકે છે અને/અથવા કાઢી નાંખી શકે છે. એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને ફેરફારોના અમલીકરણની જાણ કરવામાં આવે તે પછી જ આવા કોઈપણ ફેરફાર અસરકારક બનશે, ત્યાં સુધી એક્સિસ બેંકમાં તે સમયે ગ્રાહકના ઉપલબ્ધ યૂઝરની સૂચિમાં નામ હોય તેવા કોઈપણ પ્રતિનિધિઓ પાસેથી મળેલી સૂચનાઓ એક્સિસ બેંક દ્વારા સ્વીકારવામાં અને તેનું પાલન કરવામાં આવશે.

## 10. ગોપનીયતા અને ખુલાસો

10.1. ગ્રાહક આથી એક્સિસ બેંક દ્વારા ગ્રાહકની ખાનગી માહિતીનો ઉપયોગ કરવા માટે અને એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને સેવાઓની જોગવાઈના સંદર્ભમાં ખાનગી ઉપયોગ માટે, શાખાઓ, પેટાકંપનીઓ, પ્રતિનિધિ કચેરીઓ, સહયોગીઓ, ઓડિટર, વિક્રેતાઓ, ભાગીદારો અને એજન્ટો જ્યાં પણ સ્થિત હોય ત્યાં તેમને ગ્રાહક સંબંધિત કોઈપણ માહિતીના ટ્રાન્સફર માટે એક્સિસ બેંકને અધિકૃત કરે છે, અને વધુમાં સ્વીકારે છે કે આવી કોઈપણ શાખા, પેટાકંપની, પ્રતિનિધિ કચેરી, સહયોગી, વિક્રેતા, ભાગીદાર અથવા એજન્ટ કોઈપણ કાયદા, કોર્ટ, નિયમનકારી અથવા કાનૂની પ્રક્રિયા દ્વારા જરૂરી કોઈપણ માહિતી ટ્રાન્સફર કરવા માટે હકદાર રહેશે.

## 11. વોરંટીનું અસ્વીકરણ

11.1. અહીં અને નિયમો અને શરતોમાં આપેલ બાંયધરી સિવાય, એક્સિસ બેંક અહીં પૂરી પાડવામાં આવતી સેવાઓના સંદર્ભમાં અન્ય કોઈ સ્પષ્ટ અથવા ગર્ભિત વોરંટી આપતી નથી, અને આથી સ્પષ્ટ કે ગર્ભિત કે કાયદેસર એવી કોઈપણ પ્રકારની તમામ વોરંટીનો સ્પષ્ટપણે અસ્વીકાર કરે છે, જેમાં સીઆઇબી સિસ્ટમ/સેવાઓની અવિરત, ક્ષતિરહિત, સમયસર અથવા સુરક્ષિત કામગીરી, ટાઇટલ, સંતોષકારક ગુણવત્તા, મર્ચન્ટેબિલિટી, ચોક્કસ હેતુ માટે યોગ્યતા, ડેટાની ચોકસાઈ અને સંપૂર્ણતાની ગર્ભિત વોરંટી અને ઇન્ટરનેટ બેંકિંગની પ્રક્રિયામાં ઉલ્લંઘન ન થવા સંબંધિત અથવા એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને મોકલવામાં આવતી માહિતી વાઇરસ મુક્ત હોવા અંગેની વોરંટીનો

સમાવેશ થાય છે પરંતુ માત્ર તે સુધી જ મર્યાદિત નથી.

**12. સેટ-ઑફનો અધિકાર**

12.1. એક્સિસ બેંકમાં ક્લાયન્ટની ડિપોઝિટ, ફંડ અથવા અન્ય મિલકત, પછી તે એક જ વ્યક્તિના નામે હોય કે કોઈપણ વ્યક્તિ(ઓ) સાથે સંયુક્ત રીતે હોય, તેના પર સુવિધાના પરિણામે અથવા તેના સંબંધમાં ચૂકવવાપાત્ર તમામ બાકી રકમ જેટલો બેંકરનો પૂર્વાધિકાર અને સેટ-ઑફનો અધિકાર એક્સિસ બેંક પાસે રહેશે.

**13. ક્ષતિપૂર્તિ**

13.1. ગ્રાહક સંમત થાય છે કે એક્સિસ બેંક, તેના અધિકારીઓ, નિર્દેશકો, એજન્ટો, વિક્રેતાઓ, ભાગીદારો, સહયોગીઓ, કર્મચારીઓ અને પ્રતિનિધિઓને, તમામ પગલાં, દાવાઓ, માંગણીઓ, કાર્યવાહી, નુકસાન, ક્ષતિ, કિંમત, શુલ્ક અને ખર્ચ, જે એક્સિસ બેંકને કોઈપણ સમયે થઈ શકે છે, ઉઠાવવો પડી શકે છે, ભોગવવો પડી શકે છે, અથવા એક્સિસ બેંકને કોઈપણ સેવા પૂરી પાડવાના પરિણામે, અથવા તેના કારણે, અથવા તેનાથી ઉદ્ભવવાને કારણે, અથવા ગ્રાહકની કોઈપણ બેદરકારી/ભૂલ/ગેરવર્તણૂકને કારણે, અથવા ગ્રાહક દ્વારા અહીં નિર્ધારિત કોઈપણ નિયમો અને શરતોનું ઉલ્લંઘન કરવાને અથવા પાલન ન કરવાને કારણે, જેમાં કોઈપણ સેવાઓ સંબંધિત લાગુ કાયદા અને કાનૂની માર્ગદર્શિકાનો સમાવેશ થાય છે અથવા એક્સિસ બેંક દ્વારા સદ્ભાવનાથી ગ્રાહકે આપેલી કોઈપણ સૂચનાને લેવામાં આવે અથવા તેના પર કાર્યવાહી કરવાનો ઇનકાર કરવાને કારણે થયો હોય, તેની સામે ગ્રાહક દ્વારા એક્સિસ બેંકને હાનિરહિત રાખવામાં આવશે અને ક્ષતિપૂર્તિ કરવામાં આવશે.

13.2. ગ્રાહક સંમત થાય છે કે એક્સિસ બેંક, તેના અધિકારીઓ, નિર્દેશકો, એજન્ટો, વિક્રેતાઓ, ભાગીદારો, સહયોગીઓ, કર્મચારીઓ અને પ્રતિનિધિઓને, એક્સિસ બેંક સામે, ગ્રાહક દ્વારા કરવામાં કે નહીં કરવામાં આવેલ કોઈપણ કાર્યને કારણે, કોઈપણ સરકારી સંસ્થા, નિયમનકારી ઑથૉરિટી અથવા થર્ડ-પાર્ટી દ્વારા લેવાયેલા કોઈપણ પગલાંને પરિણામે, અથવા કારણે, અથવા અથવા તેનાથી ઉદ્ભવતા તમામ પગલાં, દાવાઓ, માંગણીઓ, કાર્યવાહી, નુકસાન, ક્ષતિ, કિંમત, શુલ્ક અને ખર્ચ, જે એક્સિસ બેંકને કોઈપણ સમયે થઈ શકે છે, ઉઠાવવા પડી શકે છે, ભોગવવા પડી શકે છે, અથવા વહન કરવા પડી શકે છે, તેની સામે ગ્રાહક દ્વારા એક્સિસ બેંકને હાનિરહિત રાખવામાં આવશે અને ક્ષતિપૂર્તિ કરવામાં આવશે.

## 14. ઇન્ટરનેટ બેંકિંગ રેકોર્ડ અને ટ્રાન્ઝેક્શનની શરતો

14.1. ગ્રાહક દ્વારા ચકાસણી માટે એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને ઑનલાઇન / ઑફલાઇન માધ્યમથી ખાતા સ્ટેટમેન્ટ મોકલવામાં આવશે. ગ્રાહક દ્વારા એક્સિસ બેંકને ટ્રાન્ઝેક્શનની તારીખથી 7 (સાત) દિવસની અંદર, સૂચનાના અમલીકરણમાં જણાતી કોઈપણ વિસંગતતાની જાણ કરવાની રહેશે. ગ્રાહક સંમત થાય છે કે જો તેમના દ્વારા ઉપરોક્ત સમયગાળાની અંદર વિસંગતિની જાણ કરવામાં ના આવે તો તેઓ સૂચનાના અમલીકરણની ચોકસાઈ અથવા તેમના ખાતામાં ડેબિટ થયેલી રકમ અંગે વિવાદ કરવાના હકદાર રહેશે નહીં.

14.2. સૂચનાઓના અમલને કારણે થતા ટ્રાન્ઝેક્શન દ્વારા ઉદ્ભવતા એક્સિસ બેંકના, ટ્રાન્ઝેક્શન રેકોર્ડ કરવામાં આવ્યો તે સમય સહિતના તમામ રેકોર્ડ, એક્સિસ બેંકને સૂચનાઓ મળી હોવાનો, સૂચનાની ચોકસાઈનો અને તેના પરિણામે થયેલા ટ્રાન્ઝેક્શનનો નિર્ણાયક પુરાવો માનવામાં આવશે.

14.3. ગ્રાહક કોઈપણ કાનૂની કાર્યવાહીમાં પુરાવા તરીકે એક્સિસ બેંકના રેકોર્ડને દાખલ કરવા સામે વાંધો નહીં ઉઠાવવા માટે સંમત થાય છે કારણ કે આવા રેકોર્ડ અસલ નથી હોતા, લેખિતમાં નથી હોતા અથવા કમ્પ્યુટર દ્વારા રજૂ કરેલા દસ્તાવેજો છે.

14.4. એક્સિસ બેંકને ગ્રાહક પાસેથી મળેલી તમામ માહિતીનો ઉપયોગ કોઈપણ સક્ષમ અદાલત અથવા ન્યાયિક અથવા અર્ધ-ન્યાયિક ઑથૉરિટી અથવા ટ્રિબ્યુનલ અથવા અન્ય કોઈ વૈધાનિક અથવા સરકારી ઑથૉરિટી સમક્ષ ગ્રાહક વિરુદ્ધ પુરાવા તરીકે કરવાની પરવાનગી છે.

14.5. ટ્રેડ પોર્ટલ સેવાઓમાં ટ્રાન્ઝેક્શન શરૂ થયાની તારીખથી બે કાર્યકારી દિવસોમાં ગ્રાહક દ્વારા લાગુ પડતા સ્ટેમ્પિંગ (જ્યાં લાગુ પડે ત્યાં) સાથેના તમામ મૂળ દસ્તાવેજો સંબંધિત શાખામાં સબમિટ કરવાના રહેશે.

## 15. સમાપ્તિ

15.1. આ કલમ 15 ને આધીન, એક્સિસ બેંક એવા સંજોગો સિવાય કે જ્યાં એક્સિસ બેંક દ્વારા તમામ અથવા કોઈપણ સેવાઓ ગ્રાહક દ્વારા નિયમો અને શરતોનો ભંગ કરવાના પરિણામે અથવા યૂઝરનું મૃત્યુ, નાદારી અથવા કાનૂની ક્ષમતાના અભાવ વિશે માહિતી મળવા પર બંધ કરી દેવામાં આવી હોય તે સિવાય, 30 દિવસ અગાઉ સૂચિત કરીને કોઈપણ સમયે તમામ અથવા કોઈપણ સેવાઓ બંધ કરવાનો અધિકાર અનામત રાખે છે.

15.2. ગ્રાહકના ખાતા બંધ કરવાથી સેવા સમાપ્ત થઈ જશે.

15.3. ગ્રાહક આ સંદર્ભમાં અન્ય પક્ષને 30 દિવસ અગાઉ સૂચના આપીને અહીં પ્રદાન કરેલી સેવાઓને રદ કરવા હકદાર છે.

15.4. આવી સમાપ્ત કરવામાં આવેલી અથવા બંધ કરવામાં આવેલી સેવાઓને કારણે થતા કોઈપણ પ્રકારના નુકસાન, દાવાઓ, ક્ષતિ, ખર્ચ માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.

**16. ફોર્સ મેજ્યોર**

16.1. જો કોઈ ફોર્સ મેજ્યોર ઘટનાને કારણે કામગીરી અટકાવવામાં આવે, તેમાં અવરોધ આવે અથવા વિલંબ થાય, તો આ નિયમો અને શરતો હેઠળ તેની કોઈપણ જવાબદારીઓનું પાલન કરવામાં નિષ્ફળતા માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં, તથા જ્યાં સુધી આ ફોર્સ મેજ્યોર ઘટના ચાલુ રહે છે ત્યાં સુધી તેની જવાબદારીઓ સ્થગિત રહેશે (એ શરતે કે આ મુદ્દલ રકમ પર વ્યાજના સંચયને અટકાવશે નહીં જે આ જોગવાઈ સિવાય ચૂકવવાપાત્ર હોત). "ફોર્સ મેજ્યોર ઇવેન્ટ" એટલે એક્સિસ બેંકના નિયંત્રણની બહારના કોઈપણ કારણોસર થતી કોઈપણ ઘટના, જેમાં કોઈ મર્યાદા વિના, નેટવર્કની સમસ્યા, કમ્પ્યુટર સિસ્ટમમાં ખામી, સ્ટોરેજ ડિવાઇસ, કુદરતી આફતો, કાનૂની પ્રતિબંધો અથવા અન્ય કોઈપણ કારણનો સમાવેશ થાય છે.

**17. શુલ્ક**

17.1. ગ્રાહક આથી એક્સિસ બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતા, સેવાઓ પર લાગુ થતા તમામ શુલ્ક (જે માલ અને સેવા કર (જીએસટી) સહિત તમામ લાગુ પડતા કરવેરા સિવાયના રહેશે અને તે ગ્રાહકે/ખાતાધારકે ભોગવવાના રહેશે), અથવા સેવાઓનો લાભ લેવા માટે સમયાંતરે સંમત થયેલા અને એક્સિસ બેંક યોગ્ય ગણે તે મુજબ વેબસાઇટ અથવા અન્ય કોઈપણ માધ્યમ દ્વારા ગ્રાહકને જાણ કરવામાં આવ્યા હોય તે દરો/શુલ્ક વહન કરવા માટે સંમત થાય છે. એક્સિસ બેંક ગ્રાહકના ખાતામાંથી આવા શુલ્ક ડેબિટ કરવા માટે અધિકૃત છે.

17.2. બેંક અહીં નીચે મુજબ સંમત થાય છે અને બાંયધરી આપે છે

(i) બેંક દ્વારા બનાવવામાં આવેલ બિલમાં (જો કોઈ હોય તો), જો ગ્રાહક દ્વારા પ્રદાન કરવામાં આવેલ હોય તો, ગ્રાહકનો જીએસટીઆઇએન જણાવવાનો રહેશે;

(ii) ગ્રાહકને આપવામાં આવેલ સપ્લાય માટે બેંક દ્વારા નિર્ધારિત ફોર્મમાં જીએસટીએન સામાન્ય પોર્ટલ પર બિલની વિગતો (જો કોઈ હોય તો) અપલોડ કરવામાં આવશે; અને

(iii) ગ્રાહકને કરવામાં આવેલ સપ્લાય પર લાગુ પડતો જીએસટી બેંક દ્વારા ચૂકવવામાં આવશે અને વૈધાનિક સમય મર્યાદાની અંદર જીએસટી કાયદા હેઠળ નિર્ધારિત જીએસટી રિટર્ન દાખલ કરવામાં આવશે.

17.3. સેવા શુલ્ક અને લાગુ ફીની જાણકારી

## 18. યૂઝરની જવાબદારી

જો યૂઝર દ્વારા શરતોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય અથવા નીચે આપેલ બેદરકારીભર્યા કાર્યો દ્વારા નુકસાન માટે કોઈપણ રીતે યોગદાન આપ્યું હોય અથવા નુકસાન પહોંચાડ્યું હોય, તો તેઓ એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ ખાતામાં અનધિકૃત ટ્રાન્ઝૅક્શનથી થતા કોઈપણ નુકસાન માટે એકલપંડે જવાબદાર રહેશે:

- એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ પાસવર્ડનો લેખિત અથવા ઇલેક્ટ્રોનિક રેકોર્ડ રાખવો
- એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ પાસવર્ડ કોઈને પણ, જેમાં કોઈ સગીર, બેંક સ્ટાફ વગેરે સમાવિષ્ટ હોય, તેમને જાહેર કરવો અથવા તેના જાહેર થવાને રોકવા માટે તમામ વાજબી પગલાં લેવામાં નિષ્ફળ થવું અને/અથવા આવી જાહેરાત વિશે વાજબી સમયગાળામાં બેંકને જાણ કરવામાં નિષ્ફળ થવું.
- એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ ખાતામાં અનધિકૃત ઍક્સેસ અથવા ખોટા ટ્રાન્ઝૅક્શન વિશે એક વાજબી સમયમર્યાદામાં બેંકને માહિતી ન આપવી.
- કુદરતી આફતો, પૂર, આગ અને કોઈપણ પ્રકારની અન્ય કુદરતી આફતો, કાનૂની નિયંત્રણો, ટેલિકમ્યુનિકેશન નેટવર્ક અથવા ઇન્ટરનેટમાં ખામી અથવા નેટવર્કની નિષ્ફળતા, પાવર બ્રેકડાઉન અથવા યૂપીએસ બ્રેકડાઉન, સૉફ્ટવેર અથવા હાર્ડવેરમાં નિષ્ફળતા અને/અથવા ત્રુટિ અથવા બેંકના વાજબી નિયંત્રણની બહારના કોઈપણ અન્ય કારણ સહિત પરંતુ તે સુધી જ મર્યાદિત ન રહેતા, કારણોને લીધે જો એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગનો ઍક્સેસ ઈચ્છિત રીતે ઉપલબ્ધ ન હોય, તો યૂઝર દ્વારા બેંકને કોઈપણ સંજોગોમાં જવાબદાર ઠેરવવામાં આવશે નહીં. યૂઝર

સિવાયના અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ખાતાના હેકિંગ, જે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત 'સાઇબર સંબંધિત ગુના' ની વ્યાખ્યામાં બંધબેસે છે, તેને કારણે થતા કોઈપણ નુકસાન અથવા ક્ષતિ માટે બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. બેંક કોઈપણ સંજોગોમાં કોઈપણ નુકસાન માટે જવાબદાર રહેશે નહીં, પછી ભલે આવા નુકસાન પ્રત્યક્ષ, પરોક્ષ, આકસ્મિક, પરિણામી હોય અને કોઈપણ દાવા આવક, રોકાણ, પ્રૉડક્ટ, સદ્ભાવના, નફાના નુકસાન, બિઝનેસમાં વિક્ષેપ અથવા કોઈપણ જાતના કે પ્રકારના કોઈપણ અન્ય નુકસાન પર આધારિત હોય અને તે યૂઝર કે અન્ય કોઈ વ્યક્તિ દ્વારા વહન કરવામાં આવેલ હોય તે ધ્યાનમાં લીધા વિના હોય.

## 19. એમઆઇએસ/રિપોર્ટ

19.1. બેંક ક્લાયન્ટને, પોતાના વિવેકાધિકારથી આ સુવિધા/સુવિધાઓ/સેવાઓ સંબંધિત ડેટા, સ્ટેટમેન્ટ અને રિપોર્ટ સહિતની માહિતી (a) ક્લાયન્ટ દ્વારા જણાવવામાં આવેલ સરનામે ઇલેક્ટ્રોનિક મેઇલ દ્વારા અથવા (b) એસએમએસ સહિતની અન્ય કોઈપણ ઇલેક્ટ્રોનિક પદ્ધતિ દ્વારા પૂરી પાડી શકે છે. ક્લાયન્ટ સ્વીકારે છે કે આવી માહિતી ગોપનીય પ્રકારની હશે અને આવા ટ્રાન્સમિશન દરમિયાન કોઈપણ વ્યક્તિ માહિતીને અટકાવી, વાંચી, સુધારી અથવા તેમાં ફેરફાર કરી શકે છે અને ઇન્ટરનેટના માધ્યમથી થતો સંદેશાવ્યવહાર સમયસર, સુરક્ષિત, ક્ષતિ રહિત કે વાઇરસથી મુક્ત હોવાની ખાતરી આપી શકાતી નથી. ઇન્ટરનેટ પર મોકલવામાં આવતી આવી માહિતીમાં કોઈપણ વિલંબ, ભૂલો અથવા ચૂક માટે બેંક જવાબદારી સ્વીકારતી નથી, અને બેંક અથવા અન્ય થર્ડ-પાર્ટીને કારણે ઉદ્ભવતા કોઈપણ પ્રત્યક્ષ, પરોક્ષ અથવા પરિણામી નુકસાન માટે કોઈ જવાબદારી ધરાવતી નથી.

## 20. નૉન-ટ્રાન્સફરેબિલિટી અને નૉન-અસાઇનેબિલિટી

20.1. ગ્રાહકને આપવામાં આવતી સેવાઓ કોઈપણ સંજોગોમાં ટ્રાન્સફર કરી શકાતી નથી અને તેનો ઉપયોગ માત્ર ગ્રાહક દ્વારા જ કરવામાં આવશે. ગ્રાહક સેવાઓ અથવા તેના કોઈપણ ભાગને લગતા તેમના અધિકારો અને/અથવા જવાબદારીઓ અન્ય કોઈ વ્યક્તિને સોંપશે નહીં. એક્સિસ બેંક સેવાઓના સંબંધમાં પોતાની કોઈપણ જવાબદારીઓ પૂર્ણ કરવા માટે એજન્ટોને પેટા કરાર કરીને તેમને નિયુક્ત કરી શકે છે.

## 21. નિયમનકારી કાયદો અને અધિકારક્ષેત્ર

21.1. આ નિયમો અને શરતો અને સેવાઓનું નિર્માણ, માન્યતા અને કામગીરી તમામ બાબતોનું સંચાલન ભારતના કાયદા દ્વારા થશે. પક્ષકારો આથી મુંબઈની અદાલતોના બિન-વિશિષ્ટ અધિકારક્ષેત્રને આધીન રહેશે. એક્સિસ બેંકની ગ્રાહક ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓમાં લૉગ-ઇન કરીને અથવા અન્યથા ઍક્સેસ કરીને અથવા તેનો ઉપયોગ કરીને ગ્રાહકે ઉપરોક્ત નિયમો અને શરતોની માહિતીની જાણકારી અને સ્વીકૃતિ દર્શાવવાની રહેશે. જો ગ્રાહક ઉપરોક્ત કોઈપણ નિયમો અથવા શરતો સાથે સંમત ન હોય, તો વેબસાઇટ પર લૉગ-ઇન કરીને કે અન્ય કોઈપણ રીતે, ગ્રાહકે એક્સિસ બેંકની ગ્રાહક ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરવો જોઈએ નહીં અથવા તેનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં.

**22. જોખમો**

એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરીને, ગ્રાહક ડિજિટલ અને ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓ સાથે સંકળાયેલા આંતરિક જોખમોને સ્વીકારે છે અને સમજે છે. એક્સિસ બેંક મજબૂત સુરક્ષા પગલાં પ્રદાન કરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે ગ્રાહક સંમત થાય છે કે બેંક તેના નિયંત્રણની બહારના પરિબળોને કારણે સંપૂર્ણ સુરક્ષાની ગેરંટી આપી શકતી નથી. ગ્રાહક સ્પષ્ટપણે સંમત થાય છે અને નીચેના સંભવિત જોખમોને સ્વીકારે છે:

- **અનધિકૃત ઍક્સેસ:** જો ગ્રાહકના ક્રેડેન્શિયલ, જેમાં પિન, પાસવર્ડ અથવા ડિવાઇસ સુરક્ષા સેટિંગનો સમાવેશ થાય છે, તેની સાથે ચેડા કરવામાં આવે તો અનધિકૃત ઍક્સેસ થઈ શકે છે. ગ્રાહક સંમત થાય છે કે આ ક્રેડેન્શિયલની ગોપનીયતા જાળવવી એ તેમની એકમાત્ર જવાબદારી છે.

- **સાઇબર-હુમલાઓ:** ગ્રાહક સ્વીકારે છે કે ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓ હેકિંગ, માલવેર, રેન્સમવેર અને વાઇરસ સહિત સાઇબર જોખમોથી સંવેદનશીલ છે, જે સંભવિત રીતે વ્યક્તિગત અને નાણાંકીય માહિતી સાથે ચેડા કરી શકે છે.

- **ફિશિંગ અને સોશિયલ એન્જિનિયરિંગ હુમલાઓ:** સંવેદનશીલ બેંકિંગ ક્રેડેન્શિયલ મેળવવા માટે ફિશિંગ ઇમેઇલ, છેતરપિંડીપૂર્ણ વેબસાઇટ, કૉલ, મેસેજ અથવા અન્ય છેતરામણી પદ્ધતિઓ દ્વારા લક્ષ્ય બનાવી શકાય છે. ગ્રાહકે સતર્ક અને સાવધ રહેવું જોઇએ, શંકાસ્પદ વિનંતીઓનો જવાબ આપવાનું ટાળવું જોઇએ.

- **માલવેર હુમલાઓ:** ડિવાઇસ પર દૂષિત સૉફ્ટવેર (માલવેર) ના ઇન્સ્ટોલેશનને લીધે વ્યક્તિગત ડેટા, લૉગ-ઇન ક્રેડેન્શિયલ અને ટ્રાન્ઝેક્શન સંબંધિત વિગતો અનધિકૃત રીતે ઍક્સેસ થઈ શકે છે. ગ્રાહકોએ પોતાના ડિવાઇસ વિશ્વસનીય સુરક્ષા સૉફ્ટવેર વડે સુરક્ષિત હોય તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે તેમજ અવિશ્વસનીય સ્રોતો પરથી એપ્લિકેશન ડાઉનલોડ કરવાનું ટાળવું જોઈએ.

- **પ્રોસેસિંગની ભૂલો:** સિસ્ટમની ખામીઓ, સૉફ્ટવેર બગ અથવા મનુષ્યમાં ઇનપુટ ભૂલોને કારણે, પ્રોસેસિંગની અચોક્કસતાઓ ઉદ્ભવી શકે છે, જેમાં ટ્રાન્ઝૅક્શનની નિષ્ફળતાઓ શામેલ છે પરંતુ તે સુધી મર્યાદિત નથી. ગ્રાહક સ્પષ્ટપણે સંમત થાય છે કે એક્સિસ બેંક આવી કોઈપણ ભૂલો અથવા નુકસાન માટે જવાબદાર રહેશે નહીં, સિવાય કે બેંક દ્વારા ઘોર બેદરકારી અથવા ઈરાદાપૂર્વકની ગેરવર્તણૂકને કારણે તે થયેલ હોય.
- **ટ્રાન્ઝૅક્શન સંબંધિત જોખમો:** ઇન્ટરનેટ બેંકિંગ દ્વારા અમલમાં મૂકવામાં આવેલ ટ્રાન્ઝૅક્શનમાં કેટલીકવાર તકનીકી સમસ્યાઓ, નેટવર્કમાં નિષ્ફળતાઓ, સર્વર ડાઉનટાઇમ અથવા ટ્રાન્ઝૅક્શન પ્રોસેસિંગની ભૂલોને કારણે વિલંબ, નિષ્ફળતા અથવા અચોક્કસતાનો સામનો કરવો પડી શકે છે. એક્સિસ બેંક તેના વાજબી નિયંત્રણની બહાર આવા ટ્રાન્ઝૅક્શન સંબંધિત અવરોધોથી ઉદ્ભવતા નુકસાન માટે જવાબદાર રહેશે નહીં.
- **સુરક્ષા ઉલ્લંઘન:** મજબૂત સાઇબર સુરક્ષા ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા છતાં, અનધિકૃત ઘૂસણખોરી, હૅકિંગના પ્રયત્નો અથવા ડેટા ઉલ્લંઘનનું શેષ જોખમ હજુ પણ રહે છે. ગ્રાહકો સ્વીકારે છે કે બેંકના વાજબી નિયંત્રણની બહારના સુરક્ષા ઉલ્લંઘનના પરિણામે થતા કોઈપણ નુકસાન અથવા ક્ષતિ માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.
- **ડેટા ઉલ્લંઘન:** ગ્રાહક સમજે છે કે એક્સિસ બેંક દ્વારા વાજબી પ્રયત્નો કરવા છતાં ડેટા ઉલ્લંઘન થઇ શકે છે. આવા ઉલ્લંઘનો સંવેદનશીલ વ્યક્તિગત અને નાણાંકીય માહિતી ઉજાગર થઇ શકે છે, જેનાથી ઓળખ ચોરી, નાણાંકીય છેતરપિંડી અને ગોપનીયતા પર આક્રમણનું જોખમ ઊભું થઇ શકે છે.
- **થર્ડ-પાર્ટી સેવા પ્રદાતાઓ:** એક્સિસ બેંક ચોક્કસ સેવાઓ માટે થર્ડ-પાર્ટી સેવા પ્રદાતાઓનો ઉપયોગ કરી શકે છે. ગ્રાહક સ્વીકારે છે કે થર્ડ-પાર્ટી પ્રદાતાઓ પર નિર્ભરતા સેવાઓની નિષ્ફળતા અથવા આવી થર્ડ પાર્ટી દ્વારા ડેટા સુરક્ષાના ઉલ્લંઘન સહિતના જોખમો ધરાવી શકે છે. આ થર્ડ-પાર્ટી સંસ્થાઓ દ્વારા કોઈપણ ઉલ્લંઘન અથવા નિષ્ફળતા માટે બેંક જવાબદાર રહેશે નહીં.
- **સેવાની ઉપલબ્ધતાનો અભાવ:** સમય સમય પર, શેડ્યૂલ કરેલ જાળવણી, સિસ્ટમ અપડેટ અથવા અણધારી તકનીકી સમસ્યાઓને કારણે ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓ ખોરવાઈ શકે છે. ગ્રાહકો સમજે છે અને સ્વીકારે છે કે સેવા ઉપલબ્ધ ન હોવાના આવા સમયગાળા દરમિયાન કોઈપણ વિલંબ, વિક્ષેપ અથવા બેંકિંગ સેવાઓને ઍક્સેસ કરવામાં અસમર્થતા માટે એક્સિસ બેંકને જવાબદાર ગણવામાં આવશે નહીં.

- **નિયમનકારી અને કાનૂની જોખમો:** ઇન્ટરનેટ બેંકિંગ એ નિયમનકારી માળખા, માર્ગદર્શિકા અને અનુપાલનની જરૂરિયાતોમાં ફેરફારોને આધિન છે. કાયદા અથવા નિયમનોમાં ફેરફારો ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓની કાર્યક્ષમતા, ઉપલબ્ધતા અથવા સુરક્ષા ધોરણોને અસર કરી શકે છે.

ગ્રાહક સંમત થાય છે કે બેંકિંગ સેવાઓના ઉપયોગમાં રહેલા આ અથવા અન્ય સહજ જોખમોના પરિણામે થતા કોઈપણ પ્રત્યક્ષ, પરોક્ષ, આકસ્મિક અથવા પરિણામી નુકસાન માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.

**23. જોખમોને ઘટાડવા માટે ગ્રાહકની જવાબદારીઓ**

- નિયમિતપણે એપ્લિકેશન અને ઑપરેટિંગ સિસ્ટમને તેમના નવીનતમ વર્ઝનમાં અપડેટ કરો.
- બેંકિંગ ટ્રાન્ઝેક્શન કરવા માટે અસુરક્ષિત જાહેર વાઇ-ફાઇ નેટવર્કનો ઉપયોગ કરવાનું ટાળો.
- શંકાસ્પદ અથવા અનધિકૃત પ્રવૃત્તિ માટે ખાતાના સ્ટેટમેન્ટ અને ટ્રાન્ઝેક્શન એલર્ટ નિયમિત રીતે તપાસતા રહો.
- એક્સિસ બેંકને ડિવાઇસ અને/અથવા બેંકિંગ ક્રેડેન્શિયલના કોઈપણ નુકસાન, ચોરી અથવા તેની સાથે ચેડા થયા હોવાની તરત જ જાણ કરો.
- વ્યક્તિગત અથવા નાણાંકીય માહિતી મેળવવા માંગતા અનધિકૃત સંદેશાવ્યવહારનો જવાબ આપતી વખતે સાવચેતી રાખો.
- સુરક્ષા જાળવવા અને જોખમ ઘટાડવા માટે નિયમિતપણે પાસવર્ડ અને પિન બદલો.

**એક્સિસ બેંકના પગલાં:**

- એક્સિસ બેંક ગ્રાહકના ડેટાને સુરક્ષિત કરવા માટે એન્ક્રિપ્શન, ફાયરવૉલ, સુરક્ષિત પ્રમાણીકરણ પદ્ધતિઓ અને નિયમિત સુરક્ષા ઑડિટ સહિતના અદ્યતન સુરક્ષા પગલાંનો ઉપયોગ કરે છે. આ પ્રયત્નો કર્યા હોવા છતાં, ગ્રાહક સ્વીકારે છે કે જોખમો સામે સંપૂર્ણ સુરક્ષાની ખાતરી આપી શકાય તેમ નથી.
- ગ્રાહક સંમત છે કે ઉપર જણાવેલા જોખમો અથવા એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ એપ્લિકેશનના ઉપયોગ સાથે સંકળાયેલા અન્ય કોઈપણ સ્વાભાવિક જોખમોથી થનારા પ્રત્યક્ષ, પરોક્ષ, પરિણામી અથવા આકસ્મિક નુકસાન, હાનિ, દાવા, જવાબદારીઓ અથવા ખર્ચ માટે, બેંકની ઘોર બેદરકારી અથવા ઈરાદાપૂર્વકની ગેરવર્તણૂક સાબિત ન થાય ત્યાં સુધી, એક્સિસ બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.

- એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરીને, ગ્રાહક આ જોખમો, તેમની જવાબદારીઓ અને એક્સિસ બેંકની જવાબદારીની મર્યાદાઓની સમજણ અને સ્વીકૃતિની પુષ્ટિ કરે છે.

## 24. સુરક્ષિત બેંકિંગ

### શું કરવું અને શું ન કરવું

- એક્સિસ બેંક, આરબીઆઇ અથવા આવી કોઈપણ અન્ય સંસ્થાઓ ક્યારેય તમારી વ્યક્તિગત અથવા બેંકિંગ માહિતી માંગતા કૉલ, ઇમેઇલ અથવા એસએમએસ મોકલતી નથી. આવી છેતરપિંડીનો ભોગ બનશો નહીં.

- કોઈ મેસેજ/મોકલનાર તરફથી કોઈપણ યૂઆરએલ કે જેના વિશે તમને ખાતરી ના હોય, તેને ખોલશો નહીં.

- એટીએમ કાર્ડનો ઉપયોગ કરવા અથવા શાખામાં રોકડ રકમ સંભાળવા માટે અજાણ્યા લોકોની મદદ ન લો અને ટ્રાન્ઝૅક્શન કરતી વખતે તેમને તમારા પર નજર રાખવા દેશો નહીં.

- સાઇબર કેફે/શેર કરેલ કમ્પ્યુટરમાંથી તમારા ઇન્ટરનેટ બેંકિંગ ખાતાને ઍક્સેસ કરવાનું ટાળો. જો તમે આમ કર્યું હોય, તો તમારા પોતાના કમ્પ્યુટરમાંથી તમારો પાસવર્ડ બદલો.

- સુનિશ્ચિત કરો કે તમે નિયમિતપણે ટ્રાન્ઝૅક્શન ઍલર્ટ મેળવવા માટે બેંકમાં સાચો મોબાઇલ નંબર અપડેટ કર્યો છે.

### સુરક્ષિત વપરાશની માર્ગદર્શિકા

- અજ્ઞાત ગ્રાહકોને ઇન્ટરનેટ બેંકિંગ ઍક્સેસ આપશો નહીં.

- કલેક્શનની વિનંતી સ્વીકારતી વખતે, યોગ્ય પ્રાપ્તકર્તાને મંજૂરી આપવામાં આવી છે તે સુનિશ્ચિત કરવા માટે કાળજી લેવી જોઇએ.

- જો તમારો મોબાઇલ નંબર બદલાયો હોય તો તમારા નવા મોબાઇલ નંબર વિશે બેંકને જાણ કરવાનું ભૂલશો નહીં, જેથી તમને એસએમએસ સૂચનાઓ પ્રાપ્ત થતી રહે.

- કૉલર ટ્યૂન ડાયલર ટ્યૂન જેવી ઑફર સ્વીકારતી વખતે અથવા જ્ઞાત કે અજ્ઞાત સ્રોતો પરથી આવેલ ઇમેઇલ કે અટૅચમેન્ટ ખોલતી/ડાઉનલોડ કરતી વખતે સાવચેત રહો.

- તમારા ફોન/કમ્પ્યુટર પર ક્રેડિટ કાર્ડની વિગતો, ઇન્ટરનેટ બેંકિંગ પાસવર્ડ, ગ્રાહક આઇડી વગેરે જેવી સંવેદનશીલ માહિતી સંગ્રહિત કરશો નહીં.

- તમારો પિન નિયમિતપણે બદલો.

- જાહેર સ્થળોએ બ્લૂટૂથનો ઉપયોગ કરતી વખતે સાવધાન રહો કારણ કે કોઈપણ વ્યક્તિ તમારી ગોપનીય માહિતી/ડેટા સુધી પહોંચી શકે છે.

- બેંકમાંથી હોવાનો દાવો કરતી ઇમેઇલ/સોશિયલ નેટવર્કિંગ સાઇટમાં જોડેલ લિંક પર ક્લિક કરશો નહીં

## 25. જોખમો અને ગ્રાહકની જવાબદારી

- બેંક ગ્રાહક દ્વારા પ્રદાન કરેલ ગ્રાહકના મોબાઇલ નંબર અને/અથવા ઇમેઇલ ઍડ્રેસ પર ઍલર્ટ અને ખાતા સંબંધિત માહિતી મોકલશે. બેંકને પ્રદાન કરેલ મોબાઇલ નંબર અને ઇમેઇલ ઍડ્રેસ સચોટ હોય અને બેંકના રેકોર્ડમાં અદ્યતન રાખવામાં આવેલ હોય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સંપૂર્ણપણે ગ્રાહકની છે.

- ગ્રાહક તેમના ડિવાઇસ અને ઇમેઇલ ખાતાની સુરક્ષા માટે સંપૂર્ણપણે જવાબદાર છે. આ પ્રકારની સંપર્ક વિગતોની ચોકસાઈ અથવા સુરક્ષા જાળવવામાં અથવા કોઈપણ બદલાવ વિશે બેંકને જાણ કરવામાં ગ્રાહકની કોઇ નિષ્ફળતા, સંપૂર્ણપણે ગ્રાહકના જોખમ અને જવાબદારી પર રહેશે. ગ્રાહકે એ પણ સુનિશ્ચિત કરવાનું રહેશે કે તેમના મોબાઇલ ફોન અને ઇમેઇલ આઇડી સક્રિય રહે જેથી તેઓ આ સુવિધાનો લાભ લઈ શકે.

- ગ્રાહક સ્પષ્ટપણે માન્ય કરે છે અને સ્વીકારે છે કે મોબાઇલ ફોન અને/અથવા ઇમેઇલ દ્વારા માહિતીનું ટ્રાન્સમિશન સ્વાભાવિક રીતે અસુરક્ષિત છે અને તે ચોક્કસ જોખમોને આધિન છે. આવા જોખમો હોવા છતાં, ગ્રાહક, તેમની પોતાની સુવિધા માટે અને આવા જોખમોના સાવચેતીપૂર્વક મૂલ્યાંકન પછી, બેંકને આ ચેનલો દ્વારા પ્રાપ્ત સૂચનાઓ અથવા સંદેશાવ્યવહાર પર કાર્ય કરવા માટે સ્વૈચ્છિક રીતે વિનંતી કરી છે અને અધિકૃત કરેલ છે.

- ગ્રાહક જ્યાં પણ જરૂરી હોય ત્યાં સાચી, સંપૂર્ણ અને સાચી માહિતી પ્રદાન કરવાનું વચન આપે છે અને હંમેશા બેંકને સબમિટ કરેલા ડેટાની ચોકસાઈ માટે સંપૂર્ણપણે જવાબદાર રહેશે. ગ્રાહક દ્વારા પ્રદાન કરવામાં આવેલ ખામીયુક્ત અથવા અચોક્કસ માહિતીને કારણે ઉદ્ભવતા કોઈપણ પરિણામો માટે બેંક જવાબદાર રહેશે નહીં.

- જો ગ્રાહક માને છે કે બેંક દ્વારા જણાવવામાં આવેલી માહિતીમાં કોઈ ભૂલ છે, તો ગ્રાહક તરત જ બેંકને સૂચિત કરશે. જો શક્ય હોય તો, બેંક ભૂલ સુધારવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે.

- ગ્રાહકે મોબાઇલ નંબરમાં અને/અથવા ઇમેઇલ ઍડ્રેસમાં કોઈપણ ફેરફાર અંગે બેંકને વિલંબ કર્યા વિના સૂચિત કરવા આવશ્યક છે, જેના પર તેઓ ઍલર્ટ અથવા ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓ પ્રાપ્ત કરવા માંગે છે.

- તમામ ખાતા સંબંધિત ટ્રાન્ઝૅક્શન લાગુ બેંકિંગ પ્રથાઓ અને ગ્રાહકના ખાતા અને સંબંધિત સેવાઓને સંચાલિત કરતા પ્રવર્તમાન નિયમો, શરતો અને નિયમનો દ્વારા સંચાલિત કરવામાં આવશે. વધુમાં, ફોન બેંકિંગ અને નેટ બેંકિંગ સેવાઓ સંબંધિત નિયમો અને શરતો, સંબંધિત હદ સુધી, મોબાઇલ બેંકિંગ/ઍલર્ટ સુવિધા પર પણ લાગુ પડશે.

- ગ્રાહકો માત્ર બેંક દ્વારા નિર્ધારિત પાત્રતાને આધિન, મોબાઇલ બેંકિંગ/ઍલર્ટ સુવિધાના ઍક્સેસની વિનંતી કરી શકે છે. ગ્રાહક, બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત અથવા ઉપલબ્ધ કરાવવામાં આવે તે રીતે, ઍલર્ટને ટ્રિગર કરતી ઘટનાઓના પ્રકારનો પણ ઉલ્લેખ કરી શકે છે. બેંક પોતાના વિવેકાધિકારથી અને કોઈપણ કારણ જણાવ્યા વિના આવી કોઈપણ એપ્લિકેશનને નકારવાનો સંપૂર્ણ અધિકાર અનામત રાખે છે.

**26. પરિશિષ્ટ - બલ્ક ચુકવણી સેવાઓ (પેપ્રો)**

1. પેમેન્ટ પ્લેટફોર્મ મોડ્યુલ એ બેંક દ્વારા પૂરી પાડવામાં આવતી વેબ આધારિત ચુકવણી સેવા છે, જેમાં બેંકના ગ્રાહક ક્લાયન્ટ બેંકને ગ્રાહક ક્લાયન્ટના બેંક ખાતામાંથી, ગ્રાહક ક્લાયન્ટ દ્વારા બેંકને આપવામાં આવેલા ડેટાના આધારે ઉપરોક્ત ગ્રાહક ક્લાયન્ટ દ્વારા નિર્ધારિત કરવામાં આવતા ચોક્કસ લાભાર્થીઓને ફંડ મોકલવા વિનંતી કરી શકે છે.

2. બેંક દ્વારા નિર્ધારિત કરવામાં આવતા નિયમો અને શરતોએ ગ્રાહક એક્સિસ બેંકના વિવિધ પ્રૉડક્ટમાં સિંગલ અપલોડ સુવિધા માટે પેમેન્ટ પ્લેટફોર્મ મોડ્યુલની સેવાનો લાભ લેવા માંગે છે અને તેના માટે બેંકનો સંપર્ક કર્યો છે. બેંક ગ્રાહકના ખાતામાં પર્યાપ્ત ફંડ હોવાની સ્થિતિમાં ગ્રાહકોની જરૂરિયાતો મુજબ પેમેન્ટ પ્લેટફોર્મ મોડ્યુલ હેઠળ ફંડ ટ્રાન્સફર, આઇએમપીએસ, એનઇએફટી, આરટીજીએસ, ચેક પ્રિન્ટિંગ, ડિમાન્ડ ડ્રાફ્ટ પ્રિન્ટિંગ, કૅશ ડિલિવરી કોરસ્પોન્ડન્ટ ચેક અને કોરસ્પોન્ડન્ટ ડીડી જેવી સેવાઓ પ્રદાન કરવા માટે સંમત થાય છે.
3. ચુકવણી પ્લેટફોર્મ સૉફ્ટવેર બેંકને ફંડ ટ્રાન્સફર, આઇએમપીએસ, એનઇએફટી, આરટીજીએસ, ચેક પ્રિન્ટિંગ, ડિમાન્ડ ડ્રાફ્ટ પ્રિન્ટિંગ, કોરસ્પોન્ડન્ટ ચેક અને કોરસ્પોન્ડન્ટ ડીડી, કૅશ ડિલિવરી ફાઇલો અને સૉફ્ટવેર દ્વારા ઑફર કરવામાં આવતી અન્ય

સેવાઓની પ્રક્રિયા કરવાની વ્યવસ્થા કરવામાં સક્ષમ બનાવશે, ત્યારબાદ ગ્રાહકે ઇન્ટરનેટ દ્વારા ફાઇલો અપલોડ કરવાની રહેશે.

4. અપલોડ પ્રક્રિયા માટેની વિગતવાર પ્રક્રિયાની રૂપરેખા, જે ગ્રાહક દ્વારા અનુસરવાની રહેશે, તેને નીચે સવિસ્તાર જણાવેલ છે. ઉક્ત પ્રક્રિયામાં કોઈપણ ફેરફારની પરવાનગી આપવામાં આવશે નહીં.

5. ગ્રાહક આથી બેંકને પ્રોસેસ ફ્લો અનુસાર માત્ર ગ્રાહક દ્વારા અપલોડ કરેલી વિગતોના આધારે, તેના વતી ચેક/ડીડી પ્રિન્ટ કરવા અને/અથવા આરટીજીએસ/એનઇએફટી/ફંડ ટ્રાન્સફર/આઇએમપીએસ ટ્રાન્ઝેક્શનને અમલમાં મૂકવા માટે અધિકૃત કરે છે. ગ્રાહક બાંયધરી આપે છે કે તે ઇન્ટરનેટ અથવા અન્ય કોઈપણ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી સિસ્ટમ સંબંધિત કોઈપણ નિષ્ફળતા અથવા વિલંબ, જો આવી નિષ્ફળતા બેંકની ઘોર કે ઇરાદાપૂર્વકની બેદરકારીને કારણે ન હોય, તો તે માટે બેંકને જવાબદાર ઠેરવશે નહીં.

6. ચેક પ્રિન્ટિંગ માટે ગ્રાહકની વિનંતીઓના સંદર્ભમાં, ગ્રાહક બાંહેધરી આપે છે અને સંમત થાય છે કે બેંક દ્વારા ફક્ત તે જ ઇન્સ્ટ્રુમેન્ટને સ્વીકારવામાં આવશે, જે બેંક દ્વારા ઉપરોક્ત ચોક્કસ ખાતા હેઠળ છાપવામાં આવ્યા છે. પક્ષકારો દ્વારા અને તેમની વચ્ચે સંમતિ થયેલ છે કે જો ગ્રાહક દ્વારા બેંકને સહીઓનો નમૂનો પૂરો પાડવામાં આવેલ હોય અને તે ગ્રાહક દ્વારા બેંકને આપવામાં આવેલા બોર્ડ ઠરાવના સંદર્ભમાં હોય, તો ગ્રાહક પાસેથી પ્રાપ્ત થયેલ પ્રતિકૃતિ સહીઓના આધારે બેંક દ્વારા ઇન્સ્ટ્રુમેન્ટને સ્વીકારવામાં આવશે. પ્રતિકૃતિ સહીઓના આધારે ઇન્સ્ટ્રુમેન્ટનો સ્વીકાર બેંક દ્વારા માત્ર ગ્રાહકના જોખમ અને જવાબદારી પર કરવામાં આવશે. વધુમાં ગ્રાહક સંમત થાય છે કે આ સમજૂતી હેઠળ કરવામાં આવેલ વ્યવસ્થાની બહારની શાખાઓમાં રજૂ કરાયેલા તમામ ચેક ચુકવણી વિના પરત કરવામાં આવશે અને આવા પરત કરાયેલા ઇન્સ્ટ્રુમેન્ટ માટે બેંક કોઈપણ રીતે જવાબદાર કે બંધાયેલ રહેશે નહીં. ગ્રાહક વધુમાં સંમત થાય છે કે એકવાર બેંક દ્વારા ચેક, ડીડી, કોરસ્પોન્ડન્ટ ચેક, કોરસ્પોન્ડન્ટ ડીડી છાપવામાં આવ્યા બાદ તે ગ્રાહકને હાથોહાથ સુપ્રત કરવામાં આવશે અથવા કુરિયર સેવા કે પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે. આ નિયમો અને શરતોના હેતુઓ માટે સ્પષ્ટપણે સંમતિ આપવામાં આવે છે કે આ પ્રકારે મોકલવાને કારણે રહેલા જોખમ અને જવાબદારી એકમાત્ર ગ્રાહકની રહેશે અને ઉપરોક્ત કુરિયર સેવા/પોસ્ટને ગ્રાહકના એજન્ટ માનવામાં આવશે.

7. ગ્રાહક બાંયધરી આપે છે કે ડેટા અધિકૃત વ્યક્તિ દ્વારા અપલોડ કરવામાં આવશે અને આ અધિકૃતતાનો પુરાવો આપતા બોર્ડના ઠરાવની એક નકલ ગ્રાહક બેંકને આપશે.

બેંકમાં ખોલવામાં આવેલા ખાતામાં અધિકૃત કરનાર વ્યક્તિના હસ્તાક્ષરો પણ અપડેટ કરવામાં આવશે.

8. આ નિયમો અને શરતોમાં બેંક સામે ફરજો અથવા જવાબદારીઓ અંગે કોઈપણ ગર્ભિત અર્થઘટન કરવામાં આવશે નહીં અથવા કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે નહીં. ઉપર જણાવ્યા મુજબ ફંડ મોકલવાની ફરજ સિવાય, ગ્રાહક અને/અથવા લાભાર્થી વચ્ચે અમલમાં મૂકવામાં આવેલ કોઈપણ કરાર, વ્યવસ્થા અથવા સમજૂતીની જોગવાઈઓ બેંકને બંધનકર્તા રહેશે નહીં.

9. ઉપરોક્ત સાઇટ પર બેંકને પ્રાપ્ત થયેલ વિનંતીઓની પ્રમાણભૂતતા અને/અથવા માન્યતા અને/અથવા અધિકૃતતામાં ઉતર્યા વિના, બેંકને પેમેન્ટ પ્લેટફોર્મ મોડ્યુલ પર ઉપરોક્ત વિનંતીઓ પર કાર્યવાહી કરવાનો અધિકાર રહેશે અને આવી વિનંતીઓને પ્રમાણભૂત, માન્ય અને ગ્રાહક દ્વારા યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલ માનવામાં આવશે. ગ્રાહક આથી સંમત થાય છે કે પેમેન્ટ પ્લેટફોર્મ મોડ્યુલના માધ્યમથી ગ્રાહક દ્વારા બેંકને આપવામાં આવેલી ઉપરોક્ત વિનંતીઓ દ્વારા ગ્રાહક કાયમી અને બિનશરતી રીતે બંધાયેલા રહેશે અને ઉપરોક્ત સાઇટ પર મોકલવામાં આવેલ આવી કોઈપણ વિનંતીઓની પ્રમાણભૂતતા, માન્યતા અથવા અધિકૃતતા અંગે ગ્રાહક દ્વારા વાંધો ઉઠાવી શકાશે નહીં.

10. ગ્રાહક બાંયધરી આપે છે કે તેને આપવામાં આવેલી વેબ સુવિધાનો ઉપયોગ બેંક દ્વારા નિર્ધારિત વિશિષ્ટ હેતુ માટે કરવામાં આવશે.

11. ગ્રાહકને કરવામાં આવેલ ટ્રાન્ઝેક્શનની વિગતો પ્રાપ્ત થશે, અને તે સૂચિની અપલોડ કરેલ ડેટા સાથે ખરાઈ કરવાની જવાબદારી ગ્રાહકની રહેશે.

12. જો ઑનલાઇન પાસવર્ડ બનાવવા અને રીસેટ કરવાની સુવિધા મેળવવામાં આવે છે (માત્ર બલ્ક અપલોડ સુવિધા મેળવતા ગ્રાહકો માટે), તો પાસવર્ડ મોકલવા માટે આપેલ આ માહિતીને બેંક દ્વારા રજિસ્ટર કરવામાં આવશે. જ્યારે કોઈપણ યૂઝરના મોબાઇલ નંબર અથવા ઇમેઇલ આઇડી અથવા ટોકનમાં કોઈપણ ફેરફાર થાય ત્યારે, આવા ફેરફારને અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા સહી કરેલ લેટર હેડમાં બેંકને સૂચિત કરવામાં આવશે. રજિસ્ટર્ડ માહિતીમાં ફેરફાર કરવા માટે ગ્રાહક દ્વારા બેંકને માહિતી સમયસર પૂરી પાડવામાં ન આવે અથવા કોઈ માહિતી આપવામાં ન આવે, તો તેવા કિસ્સામાં બેંકની કાર્યવાહી માટે ગ્રાહક બેંકને જવાબદાર માનશે નહીં.

ગ્રાહક તરફથી ફાઇલ અપલોડ માટે પ્રક્રિયાની રૂપરેખા.

1. પ઼ૂર્વનિર્ધારિત પરસ્પર સંમત ફોર્મેટમાં ક્લાયન્ટ દ્વારા ડેટા સીધો જ પેમેન્ટ પ્લેટફોર્મ મોડ્યુલ પર અપલોડ કરવામાં આવશે. દરેક કોર્પોરેટને એકથી વધુ પ્રૉડક્ટ આપેલ હોઈ શકે છે. જો ગ્રાહક ઈચ્છે તો, એક જ ફાઇલ દ્વારા વિવિધ પ્રૉડક્ટ સંબંધિત ડેટા અપલોડ કરી શકે છે.

2. ડેટા અપલોડ કરવા માટે ચુકવણી પ્લેટફોર્મના વેબ ઇન્ટરફેસ પર લૉગ-ઇન કરીને ઇન્ટરનેટ દ્વારા કોર્પોરેટ કોઈપણ સ્થળેથી ડેટા અપલોડ કરી શકે છે. ચુકવણી પ્લેટફોર્મનો ઉપયોગ કરવા માટે કોર્પોરેટને લૉગ-ઇન આઇડી અને પાસવર્ડ પ્રદાન કરવામાં આવશે.

3. કોર્પોરેટ યૂઝરને વ્યાખ્યાયિત કરવા અને માસ્ટર સંબંધિત પ્રવૃત્તિઓ કરવાના અધિકારો એક્સિસ બેંક ઍડમિન પાસે રહેશે. જરૂરિયાત મુજબ, જો જરૂરી ઑથૉરિટી માંગવામાં આવેલ હોય અને બેંકને જરૂરી દસ્તાવેજો સબમિટ કરવામાં આવ્યા હોય, તો તે જ પ્રવૃત્તિઓ સ્વતંત્ર રીતે કરવા માટે તે જ અધિકારો કોર્પોરેટને આપવામાં આવી શકે છે.

4. ડેટાની ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે ડેટા અપલોડ અને અધિકૃતતા માટે મેકર ચેકર સિદ્ધાંતનો ઉપયોગ કરવામાં આવશે.

5. નિર્ધારિત કરેલ અધિકૃતતા મેટ્રિક્સ મુજબ કોર્પોરેટ ફાઇલને અધિકૃત કરી શકે છે / નકારી શકે છે. લૉગ-ઇન કરેલ યૂઝર પાસે પસંદ કરેલી ફાઇલ અપલોડ કરવાના અધિકારો છે કે નહીં તે તપાસવા માટે અધિકૃતતા આપવામાં આવે છે.

6. પ્રાથમિક ખરાઈ કરવામાં આવશે. નીચેના મુદ્દાઓ તપાસવામાં આવશે:
   a) એક જ નામની ફાઇલ એકથી વધુ વખત અપલોડ કરવાની પરવાનગી ના હોવી જોઈએ.
   b) એક જ ટ્રાન્ઝૅક્શનને એકથી વધુ વખત અપલોડ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં, સિવાય કે ક્લાયન્ટ દ્વારા દરેક ટ્રાન્ઝૅક્શન માટે યુનિક નંબર આપવામાં આવ્યો હોય.
   c) કોર્પોરેટ આઇડી, કોર્પોરેટ ફોર્મેટ અને પ્રૉડક્ટ આઇડીની ખરાઈ.
   d) ચુકવણી કરવા માટે અપલોડ કરેલી ફાઇલમાં આવશ્યક ક્ષેત્રો હાજર છે કે નહીં તે તપાસો.
   e) ડેટા ફાઇલમાં એક જ ક્ષેત્ર માટે, ક્ષેત્રનો પ્રકાર અને ક્ષેત્રની લંબાઈ સેન્ટ્રલ ડેટાબેઝ ફોર્મેટમાં જણાવ્યા મુજબ છે કે નહીં તે તપાસો.

7. વિવિધ કારણોસર કોઈપણ ફાઇલ નકારવાના કિસ્સામાં, સિસ્ટમ દ્વારા ફ્રન્ટ એન્ડમાં નકારવાના કારણો દર્શાવવામાં આવશે, જેને ક્લાયન્ટ દ્વારા સુધારો કરીને તે સુધારેલ ડેટા ફરીથી અપલોડ કરી શકાય છે.

8. અપલોડ કરેલ કોર્પોરેટ ડેટામાં કોર્પોરેટ ખાતા નંબર હશે. જો અપલોડ કરેલ કોર્પોરેટ ડેટામાં ખાતા નંબર ઉપલબ્ધ ન હોય, તો ડિફૉલ્ટ મૂલ્યનો ઉપયોગ કરવામાં આવશે જે કોર્પોરેટ માસ્ટર ટેબલમાંથી લેવામાં આવશે.

9. અધિકૃત ફાઇલો પર બેંક દ્વારા પ્રક્રિયા કરવામાં આવશે એટલે કે ચુકવણી ફાઇલમાં ઉલ્લેખિત લાભાર્થી ખાતા નંબરના આધારે ડાયરેક્ટ ક્રેડિટ સંબંધિત ટ્રાન્ઝૅક્શન સરળતાથી અમલમાં મૂકવામાં આવશે અને જો કોર્પોરેટ દ્વારા આરટીજીએસ/એનઇએફટી/આઇએમપીએસ/કૅશ ડિલિવરી ચુકવણી પદ્ધતિઓ માટે કટઑફ સમય પહેલાં યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવે તો આ ટ્રાન્ઝૅક્શન સરળતાથી અમલમાં મૂકવામાં આવશે.

10. વ્યવસ્થા મુજબ, ગ્રાહકના ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ/કોરસ્પોન્ડન્ટ ડીડી સંબંધિત ડેટા બેંક રિમોટ શાખાઓ અથવા ગ્રાહકો દ્વારા પ્રિન્ટ કરવામાં આવશે. બેંકના નિયંત્રણની બહારના કારણોસર ઉપરોક્ત નેટવર્કના કાર્યમાં કોઈ ખામી અને/અથવા ભંગાણના કિસ્સામાં, આવા ભંગાણ દરમિયાન મને/અમને આપવામાં આવેલા લાભો અને સુવિધાઓ સ્થગિત રહેશે, અને તેવા કિસ્સામાં, કોઈપણ નુકસાન / વળતર ચૂકવવા અને/અથવા આ રીતે સ્થગિત થવાથી ઉદ્ભવતા કોઈપણ અન્ય પરિણામો માટે બેંક કોઈપણ રીતે મને/અમને જવાબદાર રહેશે નહીં.

## 27. પરિશિષ્ટ - હોસ્ટ ટુ હોસ્ટ ચુકવણીઓ

1. પેમેન્ટ પ્લેટફોર્મ મોડ્યુલ એ બેંક દ્વારા પૂરી પાડવામાં આવતી વેબ આધારિત ચુકવણી સેવા છે, જેમાં બેંકના ગ્રાહક ક્લાયન્ટ બેંકને ગ્રાહક ક્લાયન્ટના બેંક ખાતામાંથી, ગ્રાહક ક્લાયન્ટ દ્વારા બેંકને આપવામાં આવેલા ડેટાના આધારે ઉપરોક્ત ગ્રાહક ક્લાયન્ટ દ્વારા નિર્ધારિત કરવામાં આવતા ચોક્કસ લાભાર્થીઓને ફંડ મોકલવા વિનંતી કરી શકે છે.

2. ગ્રાહક બેંક દ્વારા નિર્ધારિત નિયમો અને શરતો પર એક્સિસ બેંકના વિવિધ પ્રૉડક્ટમાં હોસ્ટ ટુ હોસ્ટ સર્વિસ માટે પેમેન્ટ પ્લેટફોર્મ મોડ્યુલની સેવાનો લાભ લેવા માંગે છે અને તેના માટે બેંકનો

સંપર્ક કરેલ છે. બેંક આવી સેવાઓ પ્રદાન કરવા માટે સંમત થઈ છે જેમ કે ફંડ ટ્રાન્સફર, આઇએમપીએસ, એનઇએફટી, આરટીજીએસ, પગાર અને વૈધાનિક ચુકવણી.

3. ગ્રાહકના ખાતામાં પર્યાપ્ત ફંડની ઉપલબ્ધતા અનુસાર, પેમેન્ટ પ્લેટફોર્મ મોડ્યુલ હેઠળ ગ્રાહકોની જરૂરિયાતો મુજબ ચેક પ્રિન્ટિંગ, ડિમાન્ડ ડ્રાફ્ટ પ્રિન્ટિંગ, કોરસ્પોન્ડન્ટ ચેક અને કોરસ્પોન્ડન્ટ ડીડી.

4. ચુકવણી પ્લેટફોર્મ સૉફ્ટવેર બેંકને ફંડ ટ્રાન્સફર, આઇએમપીએસ, એનઇએફટી, આરટીજીએસ, ચેક પ્રિન્ટિંગ, ડિમાન્ડ ડ્રાફ્ટ પ્રિન્ટિંગ, કોરસ્પોન્ડન્ટ ચેક અને કોરસ્પોન્ડન્ટ ડીડી, ફાઇલો અને સૉફ્ટવેર દ્વારા ઑફર કરવામાં આવતી અન્ય સેવાઓ પર પ્રક્રિયાની વ્યવસ્થા કરવામાં સક્ષમ બનાવશે, ત્યારબાદ ગ્રાહકે ઇન્ટરનેટ દ્વારા ફાઇલો અપલોડ કરવાની રહેશે.
5. અપલોડ પ્રક્રિયા માટેની વિગતવાર પ્રક્રિયાની રૂપરેખા, જે ગ્રાહક દ્વારા અનુસરવાની રહેશે, તેને નીચે સવિસ્તાર જણાવેલ છે. ઉક્ત પ્રક્રિયામાં કોઈપણ ફેરફારની પરવાનગી આપવામાં આવશે નહીં.

<u>હોસ્ટ ટુ હોસ્ટ પ્રક્રિયાનો પ્રોસેસ ફ્લો:</u>

I. ગ્રાહક ઇઆરપી/ સૉફ્ટવેર દ્વારા એક્સિસ બેંક સાથે સંમત ફોર્મેટ મુજબ ચુકવણી ટ્રાન્ઝેક્શન જનરેટ કરવામાં આવશે.

II. ચુકવણી ટ્રાન્ઝેક્શન સંમત હોસ્ટ ટુ હોસ્ટ (H2H) ઇન્ટિગ્રેશન પ્રક્રિયા અનુસાર એન્ક્રિપ્ટેડ પ્રક્રિયા દ્વારા એક્સિસ બેંકને મોકલવામાં આવશે.

III. ગ્રાહક દ્વારા જરૂરી અધિકૃતતા માટે માન્ય ચુકવણી વિનંતીઓ એક્સિસ બેંક પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે.

IV. અધિકૃત ચુકવણી ટ્રાન્ઝેક્શનની પ્રક્રિયા બેંક તરફથી ફંડ ટ્રાન્સફર તરીકે અથવા ટ્રાન્ઝેક્શનની વિગતો મુજબ આરબીઆઇ/ એનપીસીઆઇના માધ્યમથી કરવામાં આવશે.

V. H2H ઇન્ટીગ્રેશન દ્વારા ગ્રાહક ઇઆરપી/સૉફ્ટવેર પર ટ્રાન્ઝેક્શનની સ્થિતિ/ એમઆઇએસ/ રિપોર્ટ ઑટોમેટિક રીતે ઉપલબ્ધ કરવામાં આવશે

6. ગ્રાહક આથી બેંકને પ્રોસેસ ફ્લો અનુસાર માત્ર ગ્રાહક દ્વારા અપલોડ કરેલી વિગતોના આધારે, તેના વતી ચેક/ડીડી પ્રિન્ટ કરવા અને/અથવા આરટીજીએસ/એનઇએફટી/ફંડ ટ્રાન્સફર ટ્રાન્ઝેક્શનને

અમલમાં મૂકવા માટે અધિકૃત કરે છે. ગ્રાહક બાંયધરી આપે છે કે તે ઇન્ટરનેટ અથવા અન્ય કોઈપણ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી સિસ્ટમ સંબંધિત કોઈપણ નિષ્ફળતા અથવા વિલંબ, જો આવી નિષ્ફળતા બેંકની ઘોર કે ઇરાદાપૂર્વકની બેદરકારીને કારણે ન હોય, તો તે માટે બેંકને જવાબદાર ઠેરવશે નહીં.

7. ચેક પ્રિન્ટિંગ માટે ગ્રાહકની વિનંતીઓના સંદર્ભમાં, ગ્રાહક બાંહેધરી આપે છે અને સંમત થાય છે કે બેંક દ્વારા ફક્ત તે જ ઇન્સ્ટ્રુમેન્ટને સ્વીકારવામાં આવશે, જે બેંક દ્વારા ઉપરોક્ત ચોક્કસ ખાતા હેઠળ છાપવામાં આવ્યા છે. પક્ષકારો દ્વારા અને તેમની વચ્ચે સંમતિ થયેલ છે કે જો ગ્રાહક દ્વારા બેંકને સહીઓનો નમૂનો પૂરો પાડવામાં આવેલ હોય અને તે ગ્રાહક દ્વારા બેંકને આપવામાં આવેલા બોર્ડ ઠરાવના સંદર્ભમાં હોય, તો ગ્રાહક પાસેથી પ્રાપ્ત થયેલ પ્રતિકૃતિ સહીઓના આધારે બેંક દ્વારા ઇન્સ્ટ્રુમેન્ટને સ્વીકારવામાં આવશે. પ્રતિકૃતિ સહીઓના આધારે ઇન્સ્ટ્રુમેન્ટનો સ્વીકાર બેંક દ્વારા માત્ર ગ્રાહકના જોખમ અને જવાબદારી પર કરવામાં આવશે. વધુમાં ગ્રાહક સંમત થાય છે કે આ સમજૂતી હેઠળ કરવામાં આવેલ વ્યવસ્થાની બહારની શાખાઓમાં રજૂ કરાયેલા તમામ ચેક ચુકવણી વિના પરત કરવામાં આવશે અને આવા પરત કરાયેલા ઇન્સ્ટ્રુમેન્ટ માટે બેંક કોઈપણ રીતે જવાબદાર કે બંધાયેલ રહેશે નહીં. ગ્રાહક વધુમાં સંમત થાય છે કે એકવાર બેંક દ્વારા ચેક, ડીડી, કોરસ્પોન્ડન્ટ ચેક, કોરસ્પોન્ડન્ટ ડીડી છાપવામાં આવ્યા બાદ તે ગ્રાહકને હાથોહાથ સુપ્રત કરવામાં આવશે અથવા કુરિયર સેવા કે પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે. આ નિયમો અને શરતોના હેતુઓ માટે સ્પષ્ટપણે સંમતિ આપવામાં આવે છે કે આ પ્રકારે મોકલવાને કારણે રહેલા જોખમ અને જવાબદારી એકમાત્ર ગ્રાહકની રહેશે અને ઉપરોક્ત કુરિયર સેવા/પોસ્ટને ગ્રાહકના એજન્ટ માનવામાં આવશે.

8. ગ્રાહક બાંયધરી આપે છે કે ડેટા અધિકૃત વ્યક્તિ દ્વારા અપલોડ કરવામાં આવશે અને આ અધિકૃતતાનો પુરાવો આપતા બોર્ડના ઠરાવની એક નકલ ગ્રાહક બેંકને આપશે. બેંકમાં ખોલવામાં આવેલા ખાતામાં અધિકૃત કરનાર વ્યક્તિના હસ્તાક્ષરો પણ અપડેટ કરવામાં આવશે.

9. આ નિયમો અને શરતોમાં બેંક સામે ફરજો અથવા જવાબદારીઓ અંગે કોઈપણ ગર્ભિત અર્થઘટન કરવામાં આવશે નહીં અથવા કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે નહીં. ઉપર જણાવ્યા મુજબ ફંડ મોકલવાની ફરજ સિવાય, ગ્રાહક અને/અથવા લાભાર્થી વચ્ચે અમલમાં મૂકવામાં આવેલ કોઈપણ કરાર, વ્યવસ્થા અથવા સમજૂતીની જોગવાઈઓ બેંકને બંધનકર્તા રહેશે નહીં.

10. ઉપરોક્ત સાઇટ પર બેંકને પ્રાપ્ત થયેલ વિનંતીઓની પ્રમાણભૂતતા અને/અથવા માન્યતા અને/અથવા અધિકૃતતામાં ઉતર્યા વિના, બેંકને પેમેન્ટ પ્લેટફોર્મ મોડ્યુલ પર ઉપરોક્ત વિનંતીઓ

પર કાર્યવાહી કરવાનો અધિકાર રહેશે અને આવી વિનંતીઓને પ્રમાણભૂત, માન્ય અને ગ્રાહક દ્વારા યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલ માનવામાં આવશે. ગ્રાહક આથી સંમત થાય છે કે પેમેન્ટ પ્લેટફોર્મ મોડ્યુલના માધ્યમથી ગ્રાહક દ્વારા બેંકને આપવામાં આવેલી ઉપરોક્ત વિનંતીઓ દ્વારા ગ્રાહક કાયમી અને બિનશરતી રીતે બંધાયેલા રહેશે અને ઉપરોક્ત સાઇટ પર મોકલવામાં આવેલ આવી કોઈપણ વિનંતીઓની પ્રમાણભૂતતા, માન્યતા અથવા અધિકૃતતા અંગે ગ્રાહક દ્વારા વાંધો ઉઠાવી શકાશે નહીં.

11. ગ્રાહક બાંયધરી આપે છે કે હોસ્ટ ટુ હોસ્ટ સેવા સહિતની વેબ સુવિધાનો ઉપયોગ બેંક દ્વારા નિર્ધારિત ચોક્કસ હેતુ માટે કરવામાં આવશે.

12. ગ્રાહકને રિવર્સ ફીડ દ્વારા અથવા અન્યથા અમલમાં મૂકવામાં આવેલા ટ્રાન્ઝેક્શનની વિગતો પ્રાપ્ત થશે અને સૂચિને ટ્રાન્ઝેક્શન ડેટા સાથે ઉલટ તપાસ કરવાની જવાબદારી ગ્રાહકની રહેશે.

13. જો ઑનલાઇન પાસવર્ડ જનરેટ અને રીસેટ સુવિધાનો ઉપયોગ કરવામાં આવે, તો તેનો અર્થ એમ થશે કે, પાસવર્ડ મોકલવા માટે આપવામાં આવેલી આ માહિતી બેંક દ્વારા રજિસ્ટર કરવામાં આવશે. જ્યારે કોઈપણ યૂઝરના મોબાઇલ નંબર અથવા ઇમેઇલ આઇડી અથવા ટોકનમાં કોઈપણ ફેરફાર થાય ત્યારે, આવા ફેરફારને અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા સહી કરેલ લેટર હેડમાં બેંકને સૂચિત કરવામાં આવશે. રજિસ્ટર્ડ માહિતીમાં ફેરફાર કરવા માટે ગ્રાહક દ્વારા બેંકને માહિતી સમયસર પૂરી પાડવામાં ન આવે અથવા કોઈ માહિતી આપવામાં ન આવે, તો તેવા કિસ્સામાં બેંકની કાર્યવાહી માટે ગ્રાહક બેંકને જવાબદાર માનશે નહીં.

14. ગ્રાહક સમજૂતી હેઠળ પૂરા પાડવામાં આવેલ સૉફ્ટવેર અને હાર્ડવેરને નુકસાન, દુરુપયોગ, અનધિકૃત ઍક્સેસ અને ચોરીથી સુરક્ષિત રાખવા સંમત થાય છે.

15. કોઈપણ ફેરફારના કિસ્સામાં, પરસ્પર સંમત થયેલ સમયની અંદર ગ્રાહક દ્વારા બેંકને જાણ કરવામાં આવશે.

16. ગ્રાહક સંમત થાય છે કે બેંકના અધિકારીઓ અને તેના અધિકૃત પ્રતિનિધિઓને પોતાના પરિસરમાં હાર્ડવેર અને સૉફ્ટવેરને ઉપયોગ માટે ગોઠવવા, બદલવા અને સમયાંતરે જાળવણી કરવા માટે પરસ્પર અનુકૂળ સમયે અમર્યાદિત ઍક્સેસ આપવામાં આવશે, જેથી બેંક અને ગ્રાહકની સિસ્ટમ વચ્ચે ડેટાનું વિનિમય કરી શકાય.

17. આ સેવા બંધ થવાની સ્થિતિમાં, આ વ્યવસ્થા હેઠળ ગ્રાહકને બેંક દ્વારા આપવામાં આવેલ આવેલ તમામ હાર્ડવેર અને સૉફ્ટવેર બેંક પરત લઈ લેશે.

18. જો આ સેવા બંધ કરવામાં આવે તો, ગ્રાહક બેંક અથવા તેના પ્રતિનિધિઓ દ્વારા ગ્રાહકના હાર્ડવેર સિસ્ટમમાં ઉપયોગ માટે આપવામાં આવેલા તમામ સૉફ્ટવેરને તાત્કાલિક અને કાયમી ધોરણે દૂર કરવા, તથા આ વ્યવસ્થા હેઠળ બેંક દ્વારા પૂરા પાડવામાં આવેલ સૉફ્ટવેર અને દસ્તાવેજો ધરાવતા તમામ માધ્યમો બેંકને પરત કરવા સંમત થાય છે.

19. ગ્રાહક સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે, બેંક દ્વારા H2H ટ્રાન્ઝૅક્શન પર પૂર્વ-મંજૂર ટ્રાન્ઝૅક્શન તરીકે પ્રક્રિયા કરવામાં આવશે, એટલે કે ગ્રાહકના ઇઆરપી/એપ્લિકેશનમાંથી ચુકવણીની પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યા બાદ, ગ્રાહકની સૂચનાઓના આધારે તથા એકવાર આવા પૂર્વ-મંજૂર ટ્રાન્ઝૅક્શનની પ્રક્રિયામાંથી આવી સૂચનાઓ પ્રાપ્ત થયા બાદ, વધુ અધિકૃતતા વિના તેને 'સ્ટ્રેટ-થ્રુ (સીધા)' રીતે પ્રક્રિયા કરવામાં આવશે. આવા કિસ્સામાં, બેંક દ્વારા ગ્રાહકના સૂચનો મુજબ સદ્ભાવનાથી કાર્ય કરવામાં આવ્યું હોવાને કારણે, ગ્રાહકને થયેલા કોઈપણ નુકસાન/ક્ષતિના સંદર્ભમાં ગ્રાહક બેંકને કોઈપણ રીતે જવાબદાર કે ઉત્તરદાયી ઠેરવશે નહીં.

**28. જોડાણ - સેવા વિનંતીઓ**

1. **મોબાઇલ નંબર અપડેશન:** ખાતા તેમજ ટ્રાન્ઝૅક્શનની સલાહ સંબંધિત કોઈપણ સંદેશાવ્યવહાર મોકલવા માટે બેંક રેકોર્ડમાં મોબાઇલ નંબર અપડેટ કરી શકાય છે. કોઈપણ ટ્રાન્ઝૅક્શનની ખરાઈની પુષ્ટિ કરવા માટે ચકાસણી, કૉલ બેક અથવા તપાસણી કરવા માટે, બેંકને જે યોગ્ય જણાય તે માટે, અપડેટ કરેલા નંબર પર મારો સંપર્ક કરવા માટે પણ હું બેંકને અધિકૃત કરું છું. હું પુષ્ટિ કરું છું કે આ મોબાઇલ નંબરનો ઉપયોગ મારા દ્વારા કરવામાં આવે છે, કોઈ અન્ય થર્ડ-પાર્ટી દ્વારા કરવામાં આવતો નથી. હું બાંયધરી આપું છું કે જો અને જ્યારે મોબાઇલ નંબર બદલાશે તો હું બેંકને યોગ્ય રીતે અને તાત્કાલિક જાણ કરીશ.
2. **સ્કીમ કોડ કન્વર્ઝન:** અમે પસંદ કરેલ નવા સ્કીમ કોડ સાથે સંકળાયેલી વિશેષતાઓ અને શુલ્કનું સ્ટ્રક્ચર વાંચી અને સમજી લીધેલ છે, અને તે શુલ્ક લાગુ થવાના આગામી સમયગાળાથી લાગુ થશે, જે તે પછીના મહિનાની 1st તારીખથી લાગુ થશે.

3. **ઇમેઇલ આઇડી અપડેશન:** ઇમેઇલ આઇડીને ખાતામાંથી અપડેટ કરી શકાય છે. બેંક તરફથી ખાતા સ્ટેટમેન્ટ અને સંદેશાવ્યવહાર આ રજિસ્ટર્ડ ઇમેઇલ આઇડી પર મોકલવામાં આવશે. ઇમેઇલ આઇડી અપડેટ કરવામાં આવેલ હશે, તો ફિઝિકલ સ્ટેટમેન્ટ મોકલવામાં આવશે નહીં.

4. **ચેક બુક માટે વિનંતી:** ચેક બુક માટે લાગુ પડતા શુલ્ક ચૂકવવા માટે હું સંમત છું અને તે મારા ખાતામાંથી કાપવામાં આવશે

5. **ચેકની ચુકવણીને રોકો:** સિંગલ ચેક રોકવા માટે, ચેક પસંદ કરો અને ચુકવણી રોકવા માટે ચેક નંબર દાખલ કરો. શ્રેણીમાં એકથી વધુ ચેક રોકવા માટે, "સિંગલ ચેક" પસંદ કરો અને તમે રોકવા માંગતા હોવ તે ચેકની શ્રેણી દાખલ કરો. જો તમને ચેક નંબર યાદ ના હોય, તો "ચેક નંબર શોધો અને ચુકવણી રોકો" પસંદ કરો. કૃપા કરીને નોંધ કરો કે તમારી વિનંતી પર તરત પ્રક્રિયા કરવામાં આવશે એકવાર વિનંતી સબમિટ કર્યા પછી વિનંતી પાછી ખેંચી શકાતી નથી.

**6. જીએસટીઆઇએન અપડેશન:**

1. હું/અમે આથી એક્સિસ બેંક લિમિટેડ ("બેંક") ને મારી/અમારી સ્પષ્ટ સંમતિ પ્રદાન કરું છું/કરીએ છીએ અને અધિકૃત કરું છું/કરીએ છીએ:

    1. બેંકને મારા/અમારા પાન નંબરનો ઉપયોગ, ઍક્સેસ, પ્રક્રિયા અને સંગ્રહ કરવા માટે, બેંક દ્વારા રોકવામાં આવેલ સેવા પ્રદાતા, કર્ઝા ટેક્નોલોજીસ પ્રાઇવેટ લિમિટેડ ("કર્ઝા") સાથે શેર કરવાના હેતુથી [બેંક અને તેના ગ્રૂપની પેટાકંપનીઓ સાથે જીએસટીઆઇએન ડેટા શેર કરવા, ટ્રાન્સફર કરવા અને જાહેર કરવા માટે જીએસટી પોર્ટલ પરથી કર્ઝા ને મારો જીએસટીઆઇએન નંબર, જીએસટીઆઇએન સ્થિતિ, રજિસ્ટર્ડ મોબાઇલ નંબર, રજિસ્ટર્ડ ઇમેઇલ આઇડી, સરનામું ("જીએસટીઆઇએન ડેટા") મેળવવા માટે] તથા,

    2. બેંક અને તેના ગ્રૂપની પેટાકંપનીઓ [બેંક અને તેના ગ્રૂપની પેટાકંપનીઓના પ્રૉડક્ટ અને સેવાઓની ગુણવત્તાનું નિરીક્ષણ, મૂલ્યાંકન અને સુધારણા, ક્રેડિટ મૂલ્યાંકન, ક્રેડિટ બ્યુરો તપાસ, ક્રેડિટ સ્કોરિંગ મોડેલ અને વ્યાવસાયિક વ્યૂહરચના વિકસાવવા માટે, છેતરપિંડીને પકડવા અને મની લોન્ડરિંગ વિરોધી જવાબદારીઓ માટે, તેમજ જીએસટીઆઇએન ડેટા ક્રેડિટ માહિતી કંપનીઓ, માહિતી ઉપયોગિતાઓ, અન્ય બેંકો અને નાણાંકીય સંસ્થાઓ તેમજ નિયમનકારી સત્તાવાળાઓ, તપાસ એજન્સીઓ, ન્યાયિક, અર્ધ-ન્યાયિક અને વૈધાનિક સત્તાવાળાઓ સાથે શેર કરવા અને જાહેર કરવાના] હેતુ માટે જીએસટીઆઇએન ડેટાનો [ઉપયોગ, ઍક્સેસ, પ્રક્રિયા, સંગ્રહ, ચકાસણી, પ્રોફાઇલ, વિશ્લેષણ, શેર, ટ્રાન્સફર અને જાહેર] કરશે.

2. કર્ઝા દ્વારા કોઈપણ રીતે જીએસટીઆઇએન ડેટાના ઉલ્લંઘન અથવા દુરુપયોગ બદલ, મારા/અમારા દ્વારા બેંકને જવાબદાર કે ઉત્તરદાયી ઠેરવવામાં આવશે નહીં તથા હું/અમે સંમત

છીએ, પુષ્ટિ કરીએ છીએ અને સ્વીકારીએ છીએ કે કર્ઝા દ્વારા મારા/અમારા જીએસટીઆઇએન ડેટાના કરવામાં આવતા ઉપયોગનું કોઈપણ રીતે ઓડિટ, દેખરેખ, સમીક્ષા અને મૂલ્યાંકન કરવા માટે બેંક બંધાયેલી નથી.

**7. આઇઇ કોડ અપડેશન:**

1. હું/અમે આથી એક્સિસ બેંક લિમિટેડ ("બેંક") ને મારી/અમારી સ્પષ્ટ સંમતિ પ્રદાન કરું છું/કરીએ છીએ અને અધિકૃત કરું છું/કરીએ છીએ:
   (a) બેંક દ્વારા રોકવામાં આવેલ સેવા પ્રદાતા જોકાટા ફાઇનાન્શિયલ એડવાઇઝરી એન્ડ ટેક્નોલોજી ("જોકાટા") [જોકાટા ને ડીજીએફટી પોર્ટલ પરથી મારો આઇઇસી નંબર, આઇઇસી સ્થિતિ મેળવવા તેમજ બેંક અને તેના ગ્રૂપની પેટાકંપનીઓ સાથે આઇઇસી ડેટા આપવા, ટ્રાન્સફર કરવા અને જાહેર કરવા માટે] સાથે શેર કરવાના હેતુથી, બેંક મારા/અમારા આઇઇસી નંબરનો ઉપયોગ, ઍક્સેસ, પ્રક્રિયા અને સંગ્રહ કરશે, અને,

   (b) બેંક અને તેના ગ્રૂપની પેટાકંપનીઓ [બેંક અને તેના ગ્રૂપની પેટાકંપનીઓના પ્રૉડક્ટ અને સેવાઓની ગુણવત્તાનું નિરીક્ષણ, મૂલ્યાંકન અને સુધારણા, ક્રેડિટ મૂલ્યાંકન, ક્રેડિટ બ્યુરો તપાસ, ક્રેડિટ સ્કોરિંગ મોડેલ અને વ્યાવસાયિક વ્યૂહરચના વિકસાવવા માટે, છેતરપિંડીને પકડવા અને મની લોન્ડરિંગ વિરોધી જવાબદારીઓ માટે, તેમજ આઇઇસી ડેટા ક્રેડિટ માહિતી કંપનીઓ, માહિતી ઉપયોગિતાઓ, અન્ય બેંકો અને નાણાંકીય સંસ્થાઓ તેમજ નિયમનકારી સત્તાવાળાઓ, તપાસ એજન્સીઓ, ન્યાયિક, અર્ધ-ન્યાયિક અને વૈધાનિક સત્તાવાળાઓ સાથે શેર કરવા અને જાહેર કરવાના] હેતુ માટે આઇઇસી ડેટાનો [ઉપયોગ, ઍક્સેસ, પ્રક્રિયા, સંગ્રહ, ચકાસણી, પ્રોફાઇલ, વિશ્લેષણ, શેર, ટ્રાન્સફર અને જાહેર] કરશે.

2. જોકાટા દ્વારા કોઈપણ રીતે આઇઇસી ડેટાના ઉલ્લંઘન અથવા દુરુપયોગ બદલ, મારા/અમારા દ્વારા બેંકને જવાબદાર કે ઉત્તરદાયી ઠેરવવામાં આવશે નહીં તથા હું/અમે સંમત છીએ, પુષ્ટિ કરીએ છીએ અને સ્વીકારીએ છીએ કે જોકાટા દ્વારા મારા/અમારા આઇઇસી ડેટાના કરવામાં આવતા ઉપયોગનું કોઈપણ રીતે ઓડિટ, દેખરેખ, સમીક્ષા અને મૂલ્યાંકન કરવા માટે બેંક બંધાયેલી નથી.

## 8. ટીઓડી (ટેમ્પરરી ઓવરડ્રાફ્ટ)

અમે પુષ્ટિ કરીએ છીએ કે ઓવરડ્રાફ્ટની આપવામાં આવેલી રકમનો ઉપયોગ માત્ર ઉપરોક્ત હેતુ માટે જ કરવામાં આવશે, અને આર્બિટ્રેજ, વ્યક્તિગત વેપાર, પ્લેજ કરેલ સિક્યોરિટીઝ/મ્યુચ્યુઅલ ફંડ/ડિબેન્ચરમાં રોકાણ માટે કરવામાં નહીં આવે, અને અમે બાંયધરી આપીએ છીએ કે ઉપરોક્ત ઓવરડ્રાફ્ટની ઉપરોક્ત દિવસે ચુકવણી કરવામાં આવશે. વધુમાં, અમે ચુકવણી અને/અથવા સંસ્થાકીય વેપાર માટે ટીઓડીને મંજૂરી આપવાના પરિણામે બેંકને થઈ શકે તેવા કોઈપણ નુકસાન/જોખમ/ક્ષતિ સામે બેંકને નુકસાન ભરપાઈ કરવાની અને હાનિકારક રાખવાની બાંયધરી આપીએ છીએ. અમે તમારા દ્વારા માંગવામાં આવે ત્યારે બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતા મહત્તમ ધિરાણ દરે વ્યાજ સહિત આવા નુકસાન/જોખમ/ક્ષતિ, તથા જ્યાં લાગુ પડતું હોય ત્યાં, ચડત વ્યાજની ભરપાઈ કરવાની જવાબદારી લઈએ છીએ. અમે તમને વિનંતી કરીએ છીએ કે ચુકવણી સામે ટીઓડીના કિસ્સામાં સેટલમેન્ટ ખાતામાંથી અથવા બેંક પ્રત્યે ટીઓડીની પૂર્ણ ચુકવણી કરવામાં કોઈપણ ખામીના કિસ્સામાં બેંકમાં રાખેલા કંપનીના કોઈપણ ખાતામાંથી ફંડ ટ્રાન્સફર કરવા માટે અમારી અફર અધિકૃતતા સ્વીકારો. ટ્રાન્સફર માત્ર ખાતાધારકના જોખમ અને પરિણામ પર કરવામાં આવશે. અમે સમય સમય પર લાગુ થતા બેંકના નિયમોનું પાલન કરીશું. તમે તમારી બેંકમાં રહેલા અમારા નિયુક્ત ખાતામાંથી તમારા શુલ્ક, જો કોઈ હોય તો, ડેબિટ કરી શકો છો. અમે સમજીએ છીએ કે ઉપરોક્ત સુવિધા બેંક દ્વારા સમયાંતરે વસૂલવામાં આવતા દરે પ્રદાન કરવામાં આવશે.

## 29. એક્સિસ મોબાઇલ કોર્પોરેટ પર એમપિન વડે લૉગ-ઇન

**રજિસ્ટ્રેશન:**

મોબાઇલ બેંકિંગ એપ્લિકેશનની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા દરમિયાન યૂઝરને એમપિન સેટ કરવાનું કહેવામાં આવશે, તથા યૂઝર પોતાના જોખમે અને પરિણામોને ધ્યાનમાં લઈને ઈચ્છે તેટલી વખત એમપિન બદલી શકે છે. આ રીતે બદલવામાં આવેલ એમપિનની ગુપ્તતા જાળવવાની સંપૂર્ણ જવાબદારી યૂઝરની રહેશે, અને અધિકૃત યૂઝર સિવાયના અન્ય કોઈપણ વ્યક્તિ દ્વારા ઉક્ત એમપિનના દુરુપયોગ માટે બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.

મોબાઇલ બેંકિંગ સુવિધાના દુરુપયોગ / અનધિકૃત ઉપયોગના પરિણામે યૂઝરને થયેલા નુકસાન સહિત, બેંક આ વતી કોઈપણ જવાબદારી સ્વીકારતી નથી.

જો યૂઝર એમપિન ભૂલી જાય છે, તો મોબાઇલ બેંકિંગ એપ્લિકેશન દ્વારા નવો એમપિન રીસેટ કરી શકાય છે

એક્સિસ બેંકે ગ્રાહકના પ્રમાણીકરણની પદ્ધતિ અપનાવી છે, જે એક્સિસ બેંકના વિવેકાધિકાર મુજબ નિર્ધારિત રીતે મોબાઇલ ફોન નંબરની ચકાસણી અને/અથવા એમપિનની ચકાસણી દ્વારા કરવામાં આવે છે

પ્રમાણીકરણની ઉપરોક્ત પદ્ધતિઓના અનધિકૃત ઍક્સેસ અને/અથવા ઉપયોગ ગ્રાહકના ખાતા/ઓની સુરક્ષા માટે જોખમ ઊભું કરી શકે છે. તેથી, ચકાસણીની પદ્ધતિઓના ઉપયોગને લગતા કોઈપણ કાનૂની જોખમોને ટાળવા માટે, એક્સિસ બેંકના વિવેકાધિકાર પર નિર્ધારિત કરવામાં આવેલ, મોબાઇલ ફોન નંબર, એમપિન અથવા ચકાસણીની કોઈપણ અન્ય પદ્ધતિ જેવા પ્રમાણીકરણ માપદંડોની સંપૂર્ણ ગોપનીયતા, ગુપ્તતા અને સુરક્ષાની ખાતરી ગ્રાહકે(કોએ) કરવાની રહેશે.

એક્સિસ મોબાઇલ કોર્પોરેટ હેઠળ ઓફર કરવામાં આવતી સેવાઓ - જો રજિસ્ટ્રેશન કર્યાની તારીખે 18 વર્ષથી વધુ ઉંમરના ભારતીય નાગરિક હોય તેવા યૂઝર, કે જેમણે એક્સિસ મોબાઇલ કોર્પોરેટ એપ્લિકેશન ડાઉનલોડ કરેલ હોય, તેને સફળતાપૂર્વક ઇન્સ્ટોલ કરેલ હોય અને ત્યારબાદ માન્ય ક્રેડેન્શિયલ વડે પોતાને પ્રમાણિત કરીને પોતાનો એમપિન સેટ કરેલ હોય, તેવા યૂઝર માટે ઉપલબ્ધ રહેશે

**યૂઝરની જવાબદારીઓ અને ઉત્તરદાયિત્વ:**

1. ઉક્ત સેવાઓના ઉપયોગ માટે પોતાના મોબાઇલ ફોન અને એમપિનને સુરક્ષિત રાખવાની સંપૂર્ણ જવાબદારી યૂઝરની રહેશે.

2. ઉપરોક્ત કોઈપણ એમપિનના અથવા એક્સિસ મોબાઇલ કોર્પોરેટ પર પૂરા પાડવામાં આવેલ ક્રેડેન્શિયલના કોઈપણ પ્રકારના અનધિકૃત અથવા ગેરકાયદેસર ઉપયોગ માટે, અથવા આપવામાં આવેલી કોઈપણ કપટપૂર્ણ અથવા ભૂલભરેલી સૂચના અને તેને કારણે થયેલ કોઈપણ નાણાંકીય શુલ્ક, જે માત્ર યૂઝર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે, તે માટે યૂઝર બેંકને જવાબદાર રહેશે.

3. યૂઝર સ્વીકારે છે કે ઉક્ત સેવાઓના હેતુઓ માટે માન્ય એમપિન વડે, યૂઝર દ્વારા રજિસ્ટર કરવામાં આવેલા મોબાઇલ ફોન નંબરથી કરવામાં આવેલ કોઈપણ ટ્રાન્ઝેક્શનને, યૂઝર દ્વારા તેમના સંપૂર્ણ વિવેકાધિકારથી શરૂ કરવામાં આવેલ છે તેમ માનવામાં આવશે

**સેવાની અન્ય શરતો:**

1. એમપિન/ઓટીપી/કોડ/પાસવર્ડની ગોપનીયતા જાળવવાની, અને આવા એમપિન/ઓટીપી/પાસકોડ/પાસવર્ડના ઉપયોગ અથવા દુરુપયોગને કારણે ઉદ્ભવતા તમામ પરિણામોની જવાબદારી યૂઝરની રહેશે.

2. યૂઝર દ્વારા દાખવવામાં આવેલી બેદરકારીને કારણે, અથવા એક્સિસ મોબાઇલ - કોર્પોરેટ એપ્લિકેશનમાં તેના વતી કરવામાં આવેલા કોઈપણ અનધિકૃત ઉપયોગ/ઍક્સેસ વિશે, અથવા એમપિન/ઓટીપી /પાસકોડ/પાસવર્ડના દુરુપયોગને કારણે કે સેવાઓ સંબંધિત સુરક્ષામાં થયેલા કોઈપણ અન્ય ઉલ્લંઘન વિશે, જેના વિશે યૂઝરને જાણ હોય, તેની એક્સિસ બેંકને યોગ્ય સમયમાં તાત્કાલિક જાણ ન કરવાને કારણે થયેલા તમામ નુકસાન માટે યૂઝર જવાબદાર રહેશે.
3. યૂઝર પુષ્ટિ કરે છે કે, તેમના દ્વારા આપવામાં આવેલી કોઈપણ સૂચનાઓ આવા સેવાઓનો લાભ લેવા માટે તેમના દ્વારા ઉપયોગમાં લેવાતા અધિકૃત એમપિન/ઓટીપી/પાસકોડ/પાસવર્ડની ખરાઈ કર્યા બાદ જ લાગુ કરવામાં આવશે

અસ્વીકરણ: જો યૂઝરના એમપિન, પાસવર્ડ, પાસકોડ, ઓટીપી અથવા મોબાઇલ ફોન અથવા મોબાઇલ ફોન નંબરનો કોઈપણ છેતરપિંડીપૂર્ણ, ડુપ્લિકેટ અથવા ભૂલભરેલી ટ્રાન્ઝેક્શન સૂચનાઓ માટે યૂઝરના એમપિન, પાસવર્ડ, પાસકોડ, ઓટીપી અથવા મોબાઇલ ફોન અથવા મોબાઇલ ફોન નંબરનો કોઈ અનધિકૃત ઉપયોગ થાય તો એક્સિસ બેંક કોઈપણ જવાબદારીથી મુક્ત રહેશે.

**30. એફએક્સ એન્ડ માર્કેટ્સ**

નિયમો અને શરતો

**31. ફિક્સ્ડ ડિપોઝિટ - નિયમો અને શરતો**

ડિજિટલ ફિક્સ્ડ ડિપોઝિટ સંબંધિત વિગતવાર નિયમો અને શરતો માટે અહીં ક્લિક કરો

**32. ડેબિટ કાર્ડ**

નિયમો અને શરતો